ઘર ઘરની શાન સૌની માંગ
બિરયાનીની પુલાવ માટે સર્વશ્રેષ્ઠ
999
બ્રાન્ડ ચોખા હંમેશા વાપરો
શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કંપની.
Mobile : 9825581799, 9537627626
M/23, માધુપુરા માર્કેટ
શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

Published & Posted at AHD P.S.O. Set No.-1 on every Thursday,
Reg. No. GAMC-382/2024-2026 Valid up to 31 December-2026
Licence to post without prepayment No. PMG/NG/128/2024-2026 - Valid up to 31.12.2026



પુલાવ તેમજ બિરયાની માટે ઉત્તમ અને સ્વાદિષ્ટ
ચોખા
999
બ્રાન્ડ હંમેશા યાદ રાખો

સાપ્તાહિક શાહીન
Shaheen Gujarati WEEKLY

Vol No.: 52 • Issue No.: 35 • Date: 07-08-2025 • Thursday • Page-8 • Rs. 6.00 • Annual subs. 300=00

Place of Publication :- B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society, Juhapura, Ahmedabad-380 055

# વિકરાળ રૂપ લેતી ગ્રામીણ સ્વાસ્થ્ય

(ન્યૂઝ ડેસ્ક) ભારતના ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સુવિધાઓની સ્થિતિ અત્યંત ખરાબ છે. અહીં દર ૧,૮૦૦ લોકોએ માત્ર એક ડૉક્ટર છે અને ૭૮% ડૉક્ટરો ફક્ત શહેરી વિસ્તારોમાં જ સેવા આપે છે. તમિલનાડુ જેવા વિકસિત રાજ્યમાં પણ ૩૦% ડૉક્ટરોની અછત છે, જે દેશની આરોગ્ય વ્યવસ્થામાં મોટા અસંતુલનને દર્શાવે છે. દેશના ૬૧% પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC)માં માત્ર એક જ ડૉક્ટર છે, જ્યારે ૭% કેન્દ્રોમાં તો કોઈ ડૉક્ટર જ નથી. ૩૩% PHCમાં લેબ ટેકનિશિયન અને ૨૦%માં ફાર્માસિસ્ટની પણ અછત છે. ઓડિશા જેવા રાજ્યોમાં લગભગ ૩,૦૦૦ ડૉક્ટરોની જગ્યાઓ ખાલી છે, જે ત્યાંની જરૂરિયાતનો અડધો ભાગ છે.

આ સ્થિતિનાં બે મુખ્ય કારણો છે: પહેલું, સરકાર આરોગ્ય પર પૂરતો ખર્ચ કરતી નથી. અને બીજું, જાહેર આરોગ્ય પ્રણાલીને મજબૂત કરવા માટે કોઈ નક્કર યોજના નથી. દક્ષિણ ભારતમાં સ્થિતિ થોડી સારી છે કારણ કે ત્યાં માળખાગત સુવિધાઓ મજબૂત છે, પરંતુ સમગ્ર દેશની સ્થિતિને સારી કહી શકાય નહીં.

કોરોના સમયગાળા દરમિયાન દેશની આરોગ્ય વ્યવસ્થા સંપૂર્ણપણે ખુલ્લી પડી ગઈ. સરકારી હૉસ્પિટલોની હાલત એટલી ખરાબ હતી કે લોકોને મજબૂરીવશ મોંઘી ખાનગી હૉસ્પિટલોમાં જવું પડ્યું. આશ્ચર્યની વાત એ છે કે માત્ર ૭% પેટા-આરોગ્ય કેન્દ્રો અને ૧૨% PHC જ નિર્ધારિત માપદંડો પર ખરા ઉતરે છે. ઉત્તર પ્રદેશ જેવા મોટા રાજ્યમાં ૨૮ ગામો દીઠ માત્ર એક PHC છે. આજે દેશના ૭૦%થી વધુ લોકો ખાનગી આરોગ્ય સેવાઓ પર નિર્ભર છે. જો કોઈ કારણસર આ ખાનગી ક્ષેત્ર નબળું પડે, તો સમગ્ર વ્યવસ્થા ઠપ્પ થઈ જશે. નાના શહેરોમાં પણ સારવારની સુવિધાઓ ખૂબ મર્યાદિત છે અને મોટા શહેરોમાં ધ્યાન માત્ર સુપર સ્પેશિયાલિસ્ટ સેવાઓ પર આપવામાં આવી રહ્યું છે.

ખાનગી હૉસ્પિટલોમાં પારદર્શિતાનો અભાવ છે. જવાબદારીના અભાવને કારણે ત્યાં દર્દીઓનું શોષણ થવું સામાન્ય બની ગયું છે. સરકારી સુવિધાઓ એટલી નબળી છે કે સામાન્ય લોકોને પોતાની સારવારનો ૬૧% ખર્ચ જાતે ઉઠાવવો પડે છે, જેના કારણે દર વર્ષે લગભગ ૬.૩ કરોડ લોકો ગરીબી રેખા નીચે ધકેલાઈ જાય છે. ભારતે ક્યારેક શ્રીલંકા, થાઈલેન્ડ અને ચીન સાથે મળીને શરૂઆત કરી હતી, પરંતુ આજે આ દેશો આપણા કરતાં ઘણા આગળ નીકળી ગયા છે. આનું એક મોટું કારણ એ છે કે આપણા દેશમાં આરોગ્ય અને શિક્ષણને અંગ્રેજોના સમયથી જ અવગણવામાં આવ્યું છે અને આજે પણ તે વિચારસરણીમાં બહુ ફેરફાર થયો નથી.

WHO મુજબ, દર ૧,૦૦૦ લોકોએ એક ડૉક્ટર હોવો જોઈએ, પરંતુ ભારતમાં આ ગુણોત્તર ૧,૪૪૫ છે. ગામડાઓમાં તો સ્થિતિ વધુ ખરાબ છે. મોટાભાગના કેન્દ્રોમાં એક જ ડૉક્ટર હોય છે અને નિષ્ણાંત ડૉક્ટરો જેવા કે સ્ત્રી રોગ નિષ્ણાંત અથવા બાળ રોગ નિષ્ણાંત ભાગ્યે જ જોવા મળે છે. ભારતમાં માતૃ મૃત્યુ દર પ્રતિ દસ લાખ જન્મે ૯૭ છે. ટીબી અને મેલેરિયા જેવી બીમારીઓ પણ હજુ સુધી નાબૂદ થઈ નથી. મધ્ય પ્રદેશમાં ૧૮% વસ્તીને નજીકના PHC સુધી પહોંચવા માટે ૫ કિલોમીટરથી વધુ ચાલવું પડે છે, જે ગર્ભવતી મહિલાઓ અને ગંભીર દર્દીઓ માટે જોખમી છે.


ગ્રામીણ ભારતમાં દર ૩,૧૦૦ લોકો માટે એક હૉસ્પિટલ બેડ છે. બિહારમાં આ ગુણોત્તર ૧૮,૦૦૦ અને ઉત્તર પ્રદેશમાં ૩૯,૦૦૦ છે. ગામડાઓમાં સરેરાશ ૨૬,૦૦૦ લોકો દીઠ એક ડૉક્ટર છે, જ્યારે આ સંખ્યા ૧,૦૦૦ હોવી જોઈએ.

ભારત પોતાની GDPનો માત્ર ૨% આરોગ્ય સેવાઓ પર ખર્ચ કરે છે, જ્યારે અન્ય વિકાસશીલ દેશો ૩ થી ૫% સુધી ખર્ચ કરે છે. ડૉક્ટરોની સતત અછત અને તેમનું અસમાન વિતરણ પણ એક મોટી સમસ્યા છે. ગામડાઓમાં ડૉક્ટરોની નિમણૂકની પ્રક્રિયા ખૂબ ધીમી અને અસ્તવ્યસ્ત છે, જેના કારણે લોકો 'ઝોલા છાપ' ડૉક્ટરો પાસે જવા માટે મજબૂર થાય છે. સુપ્રીમ કોર્ટે પણ શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચેની આરોગ્ય સુવિધાઓના તફાવત પર ચિંતા વ્યક્ત કરી છે.

મોટાભાગના ડૉક્ટરો ગામડાઓમાં સેવા આપવાને બદલે શહેરોમાં પ્રાઈવેટ પ્રેક્ટિસ કરવાનું પસંદ કરે છે. ગામડાઓમાં ૮૦% નિષ્ણાત ડૉક્ટરોની અછત છે. આમાં ૮૩% સર્જન, ૮૧.૬% બાળ રોગ નિષ્ણાત, ૭૯.૧% ફિઝિશિયન અને ૭૨.૨% સ્ત્રી રોગ નિષ્ણાંતોની ભારે અછત છે. ધનિક અને ગરીબ વચ્ચે સારવારની સુવિધામાં એટલો મોટો તફાવત છે કે તેમની સરેરાશ ઉંમરમાં પણ ૭ વર્ષનો અંતર આવી ગયો છે. જ્યારે કોઈ વ્યક્તિ દિવસના માત્ર ૨૭ રૂપિયા કમાય છે અને તેને સારવારનો અડધો ખર્ચ પોતાની પાસેથી આપવો પડે છે, ત્યારે તેની હાલતનો અંદાજ લગાવવો મુશ્કેલ નથી.

આ કટોકટીમાંથી બહાર આવવા માટે એ જરૂરી છે કે સરકાર આરોગ્ય સેવાઓ પરનો ખર્ચ વધારીને GDPનો ઓછામાં ઓછો પાંચ ટકા કરે. ગામડાઓમાં હૉસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોના માળખાને મજબૂત કરવામાં આવે જેથી ગ્રામીણ જનતાને મૂળભૂત સુવિધાઓ મળી શકે. ડૉક્ટરોને ગામડાઓમાં સેવા આપવા માટે યોગ્ય પગાર અને સુવિધાઓ આપવામાં આવે, જેથી તેમની ભાગીદારી વધે. આ ઉપરાંત, ખાનગી હૉસ્પિટલો પર કડક દેખરેખ રાખવામાં આવે અને તેમના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવે જેથી સામાન્ય જનતાના હિતોનું રક્ષણ થઈ શકે.

જ્યાં સુધી આ પગલાં લેવામાં નહીં આવે, ત્યાં સુધી દેશની આરોગ્ય વ્યવસ્થામાં સુધારો શક્ય નથી અને તેનો સીધો ભોગ ગરીબ જનતાને બનવું પડશે.

મસા ભગંદર હરસ
ગુદા માર્ગના અન્ય રોગોનું ગુજરાતમાં પ્રથમવાર વીડીયો રેક્ટોસ્કોપ દ્વારા નિદર્શન અને સચોટ નિદાન
રેડિયો ફ્રિક્વન્સી, લેસર, એનસીલર દ્વારા સારવાર
કટીંગ સેટોન દ્વારા ભગંદરનો સચોટ અને સંપૂર્ણ ઈલાજ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો.એમ.સાદિક કાઝી (MBBS, M.S.) (કન્સલ્ટીંગ સર્જન)
ફોનઃ ૮૨૬૪૦૦૪૧૪૨, ૬૫૪૫૯૫૫૧૩

પેશન્ટ હાઉસ
નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી, અહમદઆબાદ

# JIHએ બિહારના મતદાર સુધારણા, બંગાળી મુસ્લિમોની અટકાયત અને માલેગાંવ કેસની ન્યાયિક સમીક્ષાની માગણી કરી




જમાઅતે ઈસ્લામી હિંદ (JIH)એ ગત શનિવારે એક પત્રકાર પરિષદમાં, બિહારમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને તાત્કાલિક સ્થગિત કરવા, યોગ્ય પ્રક્રિયા વિના બંગાળી ભાષી મુસ્લિમોની અટકાયત અને દેશનિકાલનો અંત લાવવા, અને ૨૦૦૮ના માલેગાંવ બોમ્બ વિસ્ફોટ કેસમાં તપાસની સ્વતંત્ર ન્યાયિક સમીક્ષા કરવાની માંગ કરી હતી.

JIHના ઉપ-પ્રમુખ પ્રો. સલીમ એન્જિનિયરે માંગ કરી હતી કે જ્યાં સુધી ન્યાયિક અથવા સંસદીય સમિતિ દ્વારા કવાયતની સંપૂર્ણ સમીક્ષા ન થાય ત્યાં સુધી મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને અટકાવી દેવી જોઈએ. તેમણે ધ્યાન દોર્યું કે ચૂંટણી પંચ દ્વારા મતદાર નોંધણી માટે માન્ય દસ્તાવેજો તરીકે આધાર કાર્ડ, મતદાર ઓળખ કાર્ડ અને રેશન કાર્ડને સ્વીકારવાનો ઈનકાર કમિશનની નિષ્પક્ષતા પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. તેમણે દલીલ કરી હતી કે આ નિર્ણય સૂચવે છે કે ભારતીય ચૂંટણી પંચ (ECI) કોઈ ચોક્કસ રાજકીય વિચારધારાને આગળ ધપાવવા અને ચોક્કસ પક્ષને લાભ પહોંચાડવા માટે સરકારના પ્રભાવ હેઠળ કાર્ય કરી રહ્યું હોઈ શકે છે. પ્રો. સલીમે ચેતવણી આપી હતી કે આવી કાર્યવાહીથી મોટી સંખ્યામાં મતદારો, ખાસ કરીને ગરીબ, વંચિત સમુદાયોના મતદારોને યોજનાબદ્ધ રીતે કાઢી નાખવામાં આવી શકે છે, જેનાથી મુસ્લિમો અસાધારણ રીતે પ્રભાવિત થશે. તેમણે જણાવ્યું હતું કે એવા અહેવાલો પણ આવ્યા હતા કે અન્ય જિલ્લાઓમાં સ્વીકારવામાં આવેલા દસ્તાવેજોને સીમાંચલના ચાર મુસ્લિમ બહુમતી ધરાવતા જિલ્લાઓ - અરરિયા, કિશનગંજ, પૂર્ણિયા અને કટિહારમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા નકારવામાં આવી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે આનાથી મતદાર યાદી સુધારણાને સાંપ્રદાયિક પરિમાણ દેખાય છે. ભારતીય ચૂંટણી પંચ (ECI) ચોક્કસ રાજકીય જૂથોના ઈશારે કાર્ય કરી રહ્યું છે, જેનો હેતુ એવા મતદારોની સંખ્યા ઘટાડવાનો છે જે સામાન્ય રીતે કોઈ ચોક્કસ પક્ષને ટેકો આપતા નથી.

(અનુસંધાન બીજા પાને)






## ભારતમાં કથળતી કૌટુંબિક વ્યવસ્થા: ચિંતાજનક સ્થિતિ અને જવાબદારીઓ

કુટુંબ એ પ્રત્યેક સમાજનો પાયો છે, જેના પર સામાજિક માળખું ટકેલું છે. આવનારી પેઢી માટે તે પ્રથમ તાલીમ શાળા છે અને રાષ્ટ્રીય મૂલ્યો તથા પરંપરાઓને પેઢી દર પેઢી સ્થાનાંતરિત કરવાનું એક મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. પરંતુ આજે આપણા દેશની કૌટુંબિક વ્યવસ્થા ગંભીર પતનનો શિકાર બની છે. દાંપત્યજીવન હવે પરસ્પર પ્રેમ, ત્યાગ, બલિદાન અને જવાબદારીને બદલે ધન અને દાદાગીરીના દલદલમાં ફસાતું જાય છે. સંપત્તિ અને સુવિધાઓ પ્રાપ્ત કરવાની અંધ દોડે સંબંધોની પવિત્રતા અને સન્માનને કચડી નાખ્યા છે, જેના પરિણામે પરિવારોના પાયા હચમચી ગયા છે અને આ વલણ ચિંતાજનક સ્તરે વધી રહ્યું છે.

આ બાબતનું એક દુઃખદ પાસું મહિલાઓ દ્વારા ઘર અને સમાજની મૂળભૂત જવાબદારીઓમાંથી છટકી જવાનું વધતું વલણ છે. આજે ભૌતિકવાદી અને સ્તરીય જીવનની ચમક-દમકે મહિલાઓને ઘરની બહાર નીકળવા મજબૂર કરી છે. જો કે તેમની ક્ષમતાઓનો સકારાત્મક ઉપયોગ દેશની અર્થવ્યવસ્થામાં સુધારો લાવી શકે છે, પરંતુ માત્ર ધનની પ્રાપ્તિના આ વલણે અનેક પરિવારોને વિનાશના આરે લાવી દીધા છે. સંબંધો કરતાં ધન અને સુખ-આરામને વધુ મહત્ત્વ આપવાથી ઘરોમાં પ્રેમ અને શાંતિ લુપ્ત થઈ રહી છે, અને કુટુંબની આ સૌથી મહત્ત્વપૂર્ણ સંસ્થાને ગંભીર નુકસાન પહોંચી રહ્યું છે.

દેશની અદાલતોમાં ચાલી રહેલા વિવિધ કેસોના અહેવાલો દર્શાવે છે કે પતિ-પત્ની વચ્ચે વિશ્વાસનો અભાવ પણ કુટુંબની સ્થિરતા માટે એક ગંભીર સમસ્યા બની રહ્યો છે. મોટા શહેરોમાં તો એવા કિસ્સાઓ પણ સાંભળવા મળે છે કે પતિ-પત્ની એકબીજાની બાકાયદા જાસૂસી કરાવે છે. પરસ્પર વિશ્વાસ અને સમજદારીના અભાવે કૌટુંબિક ઝઘડાઓ અને વિવાદોમાં વધારો થઈ રહ્યો છે, જેનાથી માત્ર પતિ-પત્ની જ નહીં, પણ નવી પેઢી પણ ગંભીર રીતે પ્રભાવિત થઈ રહી છે. નવી પેઢીના ઘડતર અને સમગ્ર સમાજની સ્થિરતા માટે કુટુંબના મહત્ત્વને અવગણી શકાય નહીં. સ્થિર અને મજબૂત કૌટુંબિક વ્યવસ્થા જ નવી પેઢીને સ્વસ્થ મૂલ્યો પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આજે અદાલતોમાં કૌટુંબિક વિવાદોના કેસોનો ભરાવો થયો છે. પુરુષો દ્વારા આત્મહત્યાના કિસ્સાઓમાં વધારો થઈ રહ્યો છે, જે સમાજમાં વધતી બેચેની અને નિરાશાનું પ્રતીક છે. આ સ્થિતિ અદાલતોની ન્યાય વ્યવસ્થા પર પણ પ્રશ્નાર્થ ઊભો કરી રહી છે કે તેઓ કૌટુંબિક વિવાદોને ઉકેલવામાં ક્યાં સુધી અસરકારક સાબિત થઈ રહ્યા છે?

ભારતમાં પરિણીત પુરુષો અને મહિલાઓ માટે સહમતિથી જાતીય સંબંધો (consensual sex) ને કાનૂની મંજૂરી અને તેના પરથી ફોજદારી પ્રતિબંધનો અંત પણ આ ચિંતાજનક પરિસ્થિતિનું એક મહત્ત્વપૂર્ણ કારણ છે. આવા કાયદાઓ માત્ર નૈતિક બૂરાઈને પ્રોત્સાહન આપી રહ્યા નથી, બલ્કે કૌટુંબિક વ્યવસ્થાના મૂળિયાંને પણ ખોખલા કરી રહ્યા છે. આ કાયદાએ માત્ર નિકાહ જેવા પવિત્ર સંબંધને બિનમહત્ત્વનો બનાવ્યો નથી, પરંતુ ગેરકાયદેસર જાતીય સંબંધોને સામાન્ય પ્રવાહનો ભાગ બનાવીને નવી પેઢીને ભ્રષ્ટાચાર અને જાતીય અરાજકતા તરફ ધકેલી દીધી છે. તેના કારણે લગ્નની સંસ્થાનું મહત્ત્વ ઘટી રહ્યું છે, જાતીય સ્વતંત્રતાના નામે જવાબદારીમાંથી છટકવાને પ્રોત્સાહન મળી રહ્યું છે અને સ્ત્રીનું શોષણ વધુ સરળ બનતું જાય છે. આવા કાયદાઓ ખરેખર પશ્ચિમી સાંસ્કૃતિક આક્રમણનો એક ભાગ છે, જે પૂર્વીય પરંપરાઓ, શરમ અને કૌટુંબિક માળખા માટે ઝેર સમાન બની ગયા છે.

ઇસ્લામ આ તમામ બાબતોમાં સ્પષ્ટ વલણ ધરાવે છે. ઇસ્લામની દૃષ્ટિએ કુટુંબ સમાજનું મૂળભૂત એકમ અને નવી પેઢી માટે શ્રેષ્ઠ તાલીમ-શાળા છે. તે પતિ-પત્ની વચ્ચે પરસ્પર વિશ્વાસ, પ્રેમ અને સન્માનને અનિવાર્ય માને છે અને દરેક પ્રકારની નૈતિક બૂરાઈની સખત નિંદા કરે છે. ઇસ્લામના ઉપદેશોમાં આર્થિક ભૂમિકાના મહત્ત્વની સાથે કુટુંબની પ્રાકૃતિક ભૂમિકાને પ્રાથમિકતા મળે છે. ઇસ્લામ વ્યભિચારને સખત હરામ અને સામાજિક અરાજકતાનું કારણ માને છે, અને નિકાહની સંસ્થાને સુરક્ષા, ગૌરવ અને શાંતિનું માધ્યમ સમજે છે.

આ દેશના તમામ નાગરિકોની જવાબદારી છે કે તેઓ કૌટુંબિક વ્યવસ્થાને બચાવવા માટે સામૂહિક પ્રયાસો કરે. કૌટુંબિક તાલીમ, નૈતિક શિક્ષણ અને મૂલ્યોના પુનરુત્થાન માટે સામૂહિક સ્તરે ગંભીર પગલાં ભરે, જેથી સમાજનો પાયો સ્થિર અને સુરક્ષિત રહી શકે. ●●●

## કુર્આન
(ત્રીજા પાનાનું ચાલુ)

'તફસીર' (વિવરણ)ની ભાષામાં જ્યારે કોઈ આયતનો મતલબ એ સમયના વિશેષ સંજોગો સાથે કરવા કે સમજવામાં આવે છે તો તેને "તાવીલેખાસ" (વિશેષ અર્થઘટન) કહેવામાં આવે છે, અને જ્યારે કોઈ આયતથી લીધેલો (તારવેલો) આદેશ દરેક કાળ (સમય) માટે હોય છે તો તેને 'તાવીલે-આમ' કહેવામાં આવે છે.

ઇસ્લામે વ્યાજ લેવા માટે કોઈ માર્ગ ખુલ્લો નથી છોડ્યો. વ્યાજ લેવાની દરેક સ્થિતિમાં મનાઈ (પ્રતિબંધ) ફરમાવવામાં આવેલ છે. કુર્આનેકરીમમાં વ્યજથી બચનારાઓ માટે સારી ખબરો (સારા વાયદો) અને આમાં સામેલ થનારાઓ માટે સખત ચેતવણીઓ (ડરાવનારી વાતો) બતાવવામાં આવી છે.

ઉપર બતાવવામાં આવેલી આયતોમાં પણ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે જે લોકો કરજનું વ્યાજ નથી લેતા, તેમના માટે સફળતા (ફલાહ)ની આશા છે, અને જે વ્યાજ ખાય છે તેમને ખબરદાર કરી દેવામાં (ચેતવવામાં) આવ્યા છે કે તેમના માટે જહન્નમમાં પહોંચવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

SHAHEEN WEEKLY
A/c. No. : 163110100013154
Bank : BOMBAY MERCANTILE CO-OP BANK LTD
IFSC Code : BMCB0000039
Affiliated : AXIS BANK LTD.

Late Yunushbhai Sabuwala
Samir Sabuwala 98245 47998
Abuzar Sabuwala 79841 77790
FIRDOSH
Plain Cotton, Poplin, Printed Cotton, Jaipuri Printed, Cambric, All Type of Cotton Chaniya Retail & Wholesale
Opp. Sabuwala Co., Dhalgarwad Kapad Bazar, Ahmedabad

શફી મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
ઓલવિશ મેન્સવેર
સંતોષકારક સિલાઈકામ માટે મળો.
૮, અદાણી ઉદય માર્કેટ, રતનપોળ, હાથીખાના, અહમદઆબાદ - ૩૮૦૦૦૧

મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
શોએબ સિલેક્શન
એક્સક્લુઝીવ શુટિંગ, શર્ટિંગ
૪૪૫, બીજો માળ, સહજાનંદ માર્કેટ, પાનકોરનાકા, વૃન્દાવન માર્કેટની બાજુમાં, અહમદઆબાદ-૩૮૦ ૦૦૧.

## JIHએ બિહારના...
(પહેલા પાનાનું ચાલુ)

ચૂંટણી પંચના વલણ પર ટિપ્પણી કરતા, તેમણે કહ્યું કે મતદાર યાદી સુધારણા પ્રક્રિયા નાગરિકતા નક્કી કરવાનો પ્રયાસ હોય તેવું લાગે છે, જે ગૃહ મંત્રાલયના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે, ECIના નહીં. તેમણે જણાવ્યું હતું કે નાગરિકતા નક્કી કરવા માટે એક સ્થાપિત પ્રક્રિયા છે અને ECIએ તેને ચૂંટણી પ્રક્રિયા સાથે ન જોડવી જોઈએ. ECIની પ્રાથમિક જવાબદારી એ સુનિશ્ચિત કરવાની છે કે બધા લાયક મતદારોના નામ મતદાર યાદીમાં યોગ્ય રીતે સામેલ થાય.

એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઇટ્સ (APCR)ના રાષ્ટ્રીય સચિવ નદીમ ખાને ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીમાં બંગાળી ભાષી મુસ્લિમોની ગેરકાયદેસર અટકાયત અને દેશનિકાલ તાત્કાલિક બંધ કરવાની હાકલ કરી હતી. નદીમ ખાને ગુડગાંવમાં બંગાળી ભાષી વ્યક્તિઓને બાંગ્લાદેશી નાગરિક હોવાના ખોટા બહાના હેઠળ ગેરકાયદેસર અટકાયત અને શારીરિક ત્રાસ આપવામાં કથિત રીતે સંડોવાયેલા પોલીસ કર્મચારીઓના વર્તનની સંપૂર્ણ તપાસની પણ માંગ કરી હતી.

દરેક બંગાળી ભાષી મુસ્લિમને બાંગ્લાદેશી તરીકે લેબલ કરવું એક ચિંતાજનક વલણ બની ગયું છે. બંગાળી ભાષી મુસ્લિમો, જે પશ્ચિમ બંગાળના ભારતીય નાગરિક છે, તેઓને શરૂઆતમાં ગુજરાત અને રાજસ્થાનમાં નિશાન બનાવવામાં આવ્યા હતા અને હવે ગુડગાંવ અને હરિયાણાના નજીકના વિસ્તારોમાં પણ આવી જ હેરાનગતિનો સામનો કરી રહ્યા છે.

નદીમ ખાનના મતે, ગુડગાંવમાં લગભગ બે લાખ બંગાળી ભાષી મુસ્લિમો રહે છે પરંતુ સ્થાનિક પોલીસના હાથે ધાકધમકી અને સતાવણીને કારણે, તેમાંથી લગભગ ૯૦ ટકા લોકોને તેમના વતન પશ્ચિમ બંગાળ પાછા ફરવાની ફરજ પડી છે. તેમણે નોંધ્યું કે પશ્ચિમ બંગાળમાં મુસ્લિમો વસ્તીના આશરે ૨૭ ટકા છે.

પત્રકાર પરિષદને સંબોધતા JIHના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મલિક મોઅતસિમ ખાને ૨૦૦૮ના માલેગાંવ વિસ્ફોટ કેસના તાજેતરના ચુકાદા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે આ ચુકાદો ન્યાય, સુસંગતતા અને જવાબદારીના ગંભીર પ્રશ્નોને અનુત્તરિત છોડી દે છે. મલિક મોઅતસિમ ખાને પ્રકાશ પાડ્યો કે હેમંત કરકરેના નેતૃત્વ હેઠળ મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ (ATS) દ્વારા શરૂઆતમાં કરવામાં આવેલી તપાસમાં એક આયોજનબદ્ધ આતંકી ષડયંત્રના નક્કર પુરાવા મળ્યા હતા. જોકે, તેમણે ૨૦૧૪ પછી રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) દ્વારા કેસને જે રીતે સંભાળવામાં આવ્યો તે અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે જણાવ્યું, "તપાસની દિશામાં આ ફેરફાર ગંભીર જાહેર ચિંતાનો વિષય છે."

થોડા દિવસો પહેલા જ NIA કોર્ટે આ કેસના તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા, જેમાં પૂર્વ ભાજપ સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિતનો સમાવેશ થાય છે. સમગ્ર તપાસ પ્રક્રિયાની ન્યાયિક સમીક્ષાની માગ કરતા ખાને સવાલ ઉઠાવ્યો કે આટલા ગંભીર મામલામાં ૧૭ વર્ષના સમયગાળામાં એજન્સીઓ એક મજબૂત કેસ કેમ ઊભો કરી શકી નહીં. તેમણે પૂછ્યું, "શું રાજ્ય મુસ્લિમ આરોપીઓ સાથે સંકળાયેલા કેસોમાં જે તાકીદ દર્શાવે છે, તે જ તાકીદ આ ચુકાદા સામે અપીલ કરવામાં પણ દર્શાવશે?"

મલિક મોઅતસિમ ખાને સ્પષ્ટતા કરી કે આ મુદ્દો નિર્દોષ જાહેર થયેલા વ્યક્તિઓને નિશાન બનાવવાનો નથી, પરંતુ ભારતીય કાયદા અમલીકરણ અને પ્રોસિક્યુશન સંસ્થાઓની નિષ્પક્ષતા, વ્યાવસાયિકતા અને વિશ્વસનીયતામાં લોકોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો છે. તેમણે તપાસમાં થયેલી ચૂક માટે જવાબદારી નક્કી કરવાની પણ માગ કરી અને માગ કરી કે આ કેસના પરિણામ પર રાજકીય અથવા વૈચારિક પૂર્વગ્રહોનો પ્રભાવ પડ્યો છે કે કેમ તેની સઘન તપાસ થવી જોઈએ.







અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## વ્યાજ ન ખાઓ

**હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! આ બમણું અને ચોગણું વ્યાજ ખાવાનું છોડી દો, અને અલ્લાહથી ડરો, આશા છે કે સફળતા પામશો. તે આગથી બચો જે કાફિરો (ઈન્કાર કરનારાઓ) માટે તૈયાર કરવામાં આવી છે.'' (સૂરઃ આલે ઈમરાન, આયતો - ૧૩૦, ૧૩૧)**

આ આયતો ઉહુદની લડાઈ પછી નાઝિલ થઈ છે, કે જ્યારે આ લડાઈ (જંગ, યુદ્ધ) ઉપર ટિપ્પણી કરવામાં આવી રહી હતી. 'મુફસ્સિરીન' (તફસીર કે વિવરણ કરનારાઓ)એ આ આયત સંબંધે બે વાતોની સમજૂતી કે સ્પષ્ટતા કરી છે. પ્રથમ વાત આ બતાવવામાં આવી છે કે એ સમયના મુશ્રિકોએ યુદ્ધની તૈયારી માટે વ્યાજથી કરજ લીધું હતું. જ્યારે યુદ્ધમાં તેમને નુકસાન થયું તો તેમણે માત્ર યુદ્ધનું નુકસાન ઉઠાવવું પડયું એટલું જ નહીં બલ્કે જૂના રિવાજ મુજબ વ્યાજ પણ બમણું-ચારગણું ચૂકવવું પડયું. આનાથી તેમની આર્થિક સ્થિતિ ઓર વધારે કમજોર થઈ ગઈ. એ જમાનામાં યુદ્ધના ખર્ચાઓને પૂરા કરવા માટે વ્યાજે કરજ લેવું સામાન્ય ચલણ કે પ્રચલિત બાબત હતી. આથી ઈસ્લામની જે મોટી સુધારણાઓ હતી તેમાંથી એક મહત્ત્વની બાબત આ પણ હતી કે વ્યાજને ધીમે ધીમે ખતમ કરવામાં આવે. આ આયત પણ એ જ સિલસિલાનો એક ભાગ છે.

બીજી તફસીર આ બતાવવામાં આવી છે કે જ્યારે જંગે-ઉહુદ (ઉહુદની લડાઈ)ની શરૂઆતમાં મુસલમાનોને સફળતા મળી, તો પહાડી (ટેકરી) પર ચઢીને જે તીરંદાજો (શૂટર્સ) સુરક્ષા માટે ઊભા રાખવામાં આવ્યા હતા, એ લોકો 'માલે-ગનીમત' (યુદ્ધમાં મળેલ માલ) લૂંટવાના ઈરાદાથી પોતાનું સ્થાન છોડીને નીચે આવી ગયા. આ જ કારણથી યુદ્ધનો નકશો (બાજી) પલટાઈ ગયો, અને મુસલમાનોને નુકસાન થયું. આ ઘટનાના પ્રકાશમાં અલ્લાહે માનવોના દિલોમાં માલ (ધન)ના પ્રેમને ઘટાડવાનું શિક્ષણ આપ્યું, અને વિશેષરૂપે વ્યાજ જેવા મોટા ફિત્નાથી બચવાની તાકીદ કરી.

વાસ્તવમાં, માલ એકત્ર કરવો એ બૂરૂં નથી, પરંતુ જ્યારે માણસ માલની હવસમાં પોતાની ફરજો ભૂલવા લાગે તો આ જ ખોટું થઈ જાય છે. વ્યાજ એક એવી બૂરી રીત છે કે જેમાં માણસ હંમેશાં પોતાના પૈસાના મહેનત-પરિશ્રમ વિના વધારવાના વિચારમાં લાગેલો રહે છે. અને બીજાઓની મહેનતનો ફાયદો ઉઠાવે છે.

વ્યાજના બે પ્રકાર હોય છે એક સાધારણ વ્યાજ (Simple Interest) અને બીજો પ્રકાર ચક્ર-વૃદ્ધિ વ્યાજ (Compund Interest) કે જેમાં વ્યાજ ઉપર પણ પુનઃ વ્યાજ ચઢતું રહે છે. આ બીજા એટલે કે ચક્ર-વૃદ્ધિ વ્યાજને મના કરવાનો મતલબ આ નથી કે સાધારણ-વ્યાજ (Simple Interest) જાઈઝ છે. કુર્આને કરીમની બીજી આયતોમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે વ્યાજ દરેક સ્વરૂપમાં હરામ છે, ચાહે એ સાધારણ હોય અથવા ચક્રવૃદ્ધિ.

વાસ્તવમાં જ્યારે આ આયતો નાઝિલ (અવતરિત) થઈ હતી, એ સમયે વ્યાજની જે રીત પ્રચલિત હતી, તેના જ હવાલા (સંદર્ભ)થી વ્યાજની મનાઈ (પ્રતિબંધ) કરવામાં આવી, પરંતુ આ વાતને સમજવી જરૂરી છે કે કુર્આનની આયતો ફક્ત એ જ કાળ (સમય) માટે નથી, જેમાં તે નાઝિલ (અવતરિત) થઈ હતી, બલ્કે અલ્લાહ તઆલાએ પ્રસંગાનુસાર વાત કહેતાં એવા આદેશો પણ આપ્યા છે જે હંમેશાં અને સૌના માટે હોય છે.

(અનુસંધાન બીજા પાને)

## વજન

''કુર્આનમાં છે : હકીકતમાં અલ્લાહની નજીક તમારામાં સૌથી વધુ પ્રતિષ્ઠિત તે છે જે તમારામાં સૌથી વધુ પરહેઝગાર (અલ્લાહથી ડરનાર, સંયમી) છે.'' (સૂરઃ હુજુરાત, આયત-૧૩)

ઈજ્જત અને પ્રતિષ્ઠા વાસ્તવમાં અલ્લાહની અમાનત છે. માનવીની ફરજ છે કે તે સ્વયં પોતાને અપમાનિત થવાથી બચાવે. આથી આ અંગે રિવાયતના આ શબ્દો ઘણું મહત્ત્વ ધરાવે છે : ''માણસ જે વસ્તુના માધ્યમથી પોતાની ઈજ્જતને બચાવે અલ્લાહ તેને તેના માટે સદ્કો લખી દે છે.''

ઈજ્જત તથા અપમાન-તિરસ્કારનો અસલ માપદંડ જાણી લીધા બાદ આ વાત સહેલાઈથી સમજમાં આવી જાય છે કે માણસ પોતે પોતાની ઈજ્જત અને અપમાન માટે જવાબદાર છે. માણસ પોતાના જીવનમાં જે વલણ પણ અપનાવે છે તેના પરિણામરૂપે ક્યાં તો તે પોતે જ ઈજ્જતને વધારે છે, અથવા તો એ સ્વયં પોતાને અધોગતિ કે પતન તરફ લઈ જઈને પોતાને અપમાનિત ઠેરવે છે. દુનિયામાં મો'મિન (ઈમાનવાળા)ની દૂરદર્શીતા આને પૂરી રીતે મહેસૂસ કરી લે છે કે ઈજ્જતવાળો કોણ છે અને અપમાનિત કોણ. આખિરતમાં કેમકે વાસ્તવિકતાઓ ખુલી જવાની છે આથી ત્યાં સૌના પર સ્પષ્ટ થઈ જશે કે કોણે નફાનો સોદો કર્યો છે અને કોણ ખોટમાં રહ્યો. માણસ આ દુનિયામાં ચાહે ગમે તેની સાથે કોઈ મામલો કરે છે, પરંતુ વાસ્તવમાં તે પોતાની સાથે મામલો કરી રહ્યો હોય છે. તે એટલા માટે કે તેના દરેક વિચાર તથા વ્યવહાર (અમલ, આચરણ)થી તેની હૈસિયત નક્કી થાય છે. જ્યારે સ્થિતિ આ છે તો આ સમજવું કંઈ મુશ્કેલ નથી રહેતું કે આપણે પોતાનું જીવન કેટલી હદે વાકેફિયત સાથે વિતાવવું જોઈએ.

હદીસના અંતમાં હવાલા કે સંદર્ભ રૂપે કુર્આનની આ આયત પણ રજૂ કરવામાં આવી છે કે કયામતના દિવસે અલ્લાહના નાફરમાનો (અવજ્ઞાકારીઓ) માટે કોઈ વજન (હેસિયત) સ્થાપિત નહીં થાય. એ દિવસે તેઓ બે-વજન (હેસિયત-વિહોણા) હશે. તેમના ભાગે રુસ્વાઈ (તિરસ્કાર) અને અપમાન સિવાય બીજી કોઈ વસ્તુ નહીં આવે. જે વસ્તુ તેમને એ દિવસે વજનદાર (હેસિયતવાળો) બનાવી શકતી હતી તો એ નૈતિકતા અને ચરિત્રનું વજન (હેસિયત) હતું. જેની તરફથી એ ગાફેલ થઈને જીવન વિતાવતા રહ્યા. દુનિયામાં પણ વાસ્તવમાં તેઓ બે-વજન (હેસિયત વિનાના) અને મૃત હતા. આખિરતમાં પણ તેઓ બે-વજન ઠેરવાશે. આવા લોકોની હેસિયત કાટમાળથી વધુ કંઈ નથી હોતી. કુર્આનમાં આ હકીકતને વિવિધ સ્થળોએ સ્પષ્ટ કરવામાં આવી છે. દા.ત. એક જગ્યાએ ઈર્શાદ થયું છે : ''પછી જેના પલ્લાં ભારે હશે તે એશ-આરામમાં હશે, અને જેના પલ્લા હલકાં હશે તેનું ઠેકાણું ઊંડી ખાઈ હશે. અને તમને શું ખબર કે તે શું વસ્તુ છે ? ભડકે બળતી આગ !'' (સૂરઃ અલ કારિઅહ, આયતો-૬ થી ૧૧)

આ હદીસમાં આપણા માટે મોટો બોધ-પાઠ છે. આપણે પોતાનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ કે આપણા ઈમાને નૈતિકતા અને ચરિત્ર તેમજ વિચાર તથા ચિંતનની દૃષ્ટિએ આપણને કેટલા વજનદાર બનાવી દીધા છે. જો આપણે દીનના બાહ્ય આ'માલ (આચરણ) તથા રસમ-રિવાજોને અદા કરવા છતાં પોતાના વ્યક્તિત્વની દૃષ્ટિએ કંઈ પણ બુલંદ કે ઉચ્ચ ન થઈ શક્યાં, બલ્કે પતનની ગર્તામાં પડયા રહ્યા. માનસિકતા કે વિશાળહૃદયી હોવાના બદલે તિરસ્કૃત (અધમ) જ બન્યા રહ્યા તો આનાથી કંઈ જ થવાનું નથી. આવી સ્થિતિમાં આપણે પોતાની નમાઝો અને 'તસ્બીહાત' (સ્મરણો)નો હિસાબ કરતા રહીએ તો તેનાથી શું ફેર પડશે. તેનાથી હકીકત કે વાસ્તવિકતા બદલાઈ શકવાની નથી. હિસાબ તો આપણે આપણો પોતાનો કરવો જોઈએ.

''જ્ઞાન સભા''

# નિકાહનો ખુત્બો, નિકાહથી પહેલાં કે પછી ?

''જ્ઞાન સભા''

ડો.રઝિયુલ ઈસ્લામ નદવી

**પ્રશ્ન : 'ખુલ્અ'ના કેટલા સમય પછી એ જ પતિ સાથે નિકાહ થઈ શકે છે ?**

**ઉત્તર :** 'ખુલ્અ' એક 'તલાકે બાઈન'ના હુકમમાં છે, કે પુનઃ નિકાહ માટે સ્ત્રીની મરજી જરૂરી છે. મુદ્દતની કોઈ કેદ (મર્યાદા-સીમા)નથી. 'ખુલ્અ' દ્વારા અલગ થયા બાદ બન્ને જ્યારે ઈચ્છે પુનઃ નિકાહ કરી શકે છે,

**પ્રશ્નઃ 'ખુલ્અ'ની ઈદ્દત શું છે ?**

**ઉત્તર :** સ્ત્રી (પત્ની) તરફથી 'ખુલ્અ'ની માગણી કરવા પર પતિ તલાક આપે છે, આથી મોટાભાગે ઈસ્લામી સ્કોલર્સ (વિદ્વાનો) સમીપ 'ખુલ્અ'ની ઈદ્દત પણ ૩ માસિક-સ્ત્રાવ છે. અલબત્ત કેટલાક સ્કૉલર્સ (વિદ્વાનો) આની ઈદ્દત એક મહિનો ઠેરવે છે.

**પ્રશ્ન : અમારામાંથી કેટલીક મહિલાઓને દીની કાર્ય કરવા માટે સ્વતંત્રતા નથી. ઘરોથી બહાર નીકળવાની પરવાનગી આપવામાં નથી આવતી. આ સ્થિતિમાં અમે શું કરીએ ?**

**ઉત્તર :** ઘરથી બહાર જવા માટે 'સરપરસ્ત' (વડીલ, વાલી) કે પતિની પરવાનગી જરૂરી છે. જો પરવાનગી ન મળે તો સ્ત્રી માટે આ 'શરઈ ઉઝ્ર' (કારણ) છે. પરંતુ સમાજ-સુધારણાનું કામ કરવા માટે ઘરથી બહાર જવું જ જરૂરી નથી. આજકાલ કોઈ પણ સ્ત્રી સોશ્યલ મીડિયા દ્વારા ઘર બેઠાં બીજી સ્ત્રી-મહિલાઓથી સંપર્ક કરી શકે છે, અને તેમની તા'લીમ-તર્બિયત કે કેળવણી-પ્રશિક્ષણ માટે પ્રયત્ન કરી શકે છે.

**પ્રશ્ન : મેં કુર્આન 'તજ્વીદ'થી નથી પઢયું, આથી કુર્આન પઢવામાં 'તજ્વીદ'ની ભૂલો થઈ જાય છે. કેટલાક લોકો કહે છે કે 'તજ્વીદ' વિના કુર્આન પઢવું જાઈઝ નથી. શું આ વાત ખરી છે ?**

**ઉત્તર :** 'તજ્વીદ' શીખવી અને ખરી 'તિલાવત' કરવી જોઈએ, પરંતુ આ વાત ખરી નથી કે જેને 'તજ્વીદ' આવતી ન હોય તેણે કુર્આન પઢવું ન જોઈએ. તમે તિલાવત કરતા રહો અને 'તજ્વીદ' શીખવાનું પણ શરૂ કરી દો.


**પ્રશ્ન : એક સ્ત્રીનું તેની સાસુ-સસુર સાથે નથી બનતું-ગોઠતું. તેણે પોતાના પતિ પર દબાણ નાખ્યું કે તે તેના માટે અલગ ઘરની વ્યવસ્થા કરે. તેમનો પતિ પોતાના માતા-પિતાનું એકનું એક સંતાન છે, આથી એ તેમનાથી (માતા-પિતાથી) અલગ થઈ રહેવા તૈયાર ન થયો. વિવાદ વધ્યો તો મામલો 'દારુલ કઝા' પહોંચ્યો. કાઝી સાહેબે આ ચુકાદો આપ્યો કે સ્ત્રી (પત્ની)ને અલગ ઘરની માગ કરવાનો હક્ક છે આ અંગે આપનું શું મંતવ્ય છે ?**

**ઉત્તર :** ઈસ્લામના કાનૂની આદેશો જેટલા છે, તેનાથી ઘણાં વધારે 'અખ્લાકી' (નૈતિક) શિક્ષણ છે. કાનૂની રીતે સાસુ-સસરાની સેવા સ્ત્રી (વહુ)ની જવાબદારી નથી, અને તેને અલગ ઘરની માગ કરવાનો હક્ક પણ છે, પરંતુ જો આ મામલાને 'અખ્લાકી' (નૈતિક) દૃષ્ટિએ જોવામાં આવે તો સાસુ-સસરા સ્ત્રી (વહુ) માટે માતા-પિતાના દરજ્જામાં છે.

કુર્આન અને હદીસોમાં 'સિલારહમી' (સદ્વર્તન)નો હુકમ આપવામાં આવ્યો છે. આથી સ્ત્રી (વહુ)ને તેમની સેવા કરવામાં કોઈ જ સંકોચ કે ખચકાટ થવો ન જોઈએ. એવી સ્ત્રીથી આ પ્રશ્ન પૂછવો જોઈએ કે જો તમારો એક જ પુત્ર હોય અને એ લગ્નની વયે પહોંચી જાય, તમે તેની વહુને લઈને આવો અને આવતાં જ પોતાના પતિ જ પોતાના પતિ (અર્થાત્ તમારા દીકરા)થી અલગ ઘરની માગ કરે અને કહે કે હું તમારા માતા-પિતા (અર્થાત્ એના સાસુ-સસરા એટલે કે તમારી સાથે નથી રહી શકતી, તો તમારો શું ઉત્તર હશે? અને તમે શું અનુભવશો ? કેવું લાગશે ?

•••

# અલ્લાહના પોકાર પર લબ્બૈક કહો



મૌલાના સૈયદ જલાલુદ્દીન ઉમ્રી

**ઇસ્લામી મુઆશરા**

(ગતાંકથી ચાલુ...)

**અલ્લાહ દરેકનો પોકાર સાંભળનાર છે :**

"પોકારનાર જ્યારે પોકારે છે તો હું તેનો ઉત્તર આપું છું." જે કોઈ પોકારે, દુઆ માટે હાથ ફેલાવે, તો હું તેને સાંભળવા અને કબૂલ કરવા માટે તૈયાર છું, એક જગ્યાએ ફરમાવ્યું : કોણ છે જે વ્યાકુળ લોકોની દુઆ સાંભળે છે, જ્યારે તેઓ તેને પોકારે, અને કોણ તેની તકલીફ દૂર કરે છે? અને (કોણ છે જે) તમને ધરતી ઉપર ખલીફા (નાયબ, પ્રતિનિધિ) બનાવે છે ? શું અલ્લાહ સાથે કોઈ બીજો ખુદા પણ (આ કાર્ય કરનારો) છે ? તમે લોકો ભાગ્યે જ વિચારો છો." (સૂરઃ નમ્લ, આયત-૬૨). જે માણસ વ્યાકુળતા અને બેચેનીમાં સપડાયેલો છે, મજબૂર છે, તેને દુનિયા ધૂત્કારી ચૂકી છે, કોઈ તેને પૂછનાર નથી, અથવા સમુદ્રી તોફાનમાં ઘેરાયેલો છે, નિર્જન સ્થળે છે, કોઈ પહાડી (ટેકરી) ઉપર છે, આવા મજબૂર, લાચાર માણસનો પોકાર કોણ સાંભળે છે? એ ચીસ પાડે, બરાડા પાડે તો પણ કોઈ નહીં સાંભળે, તેની તકલીફને કોણ દૂર કરે છે અને તમને એકબીજાનો ઉત્તરાધિકારી કોણ બનાવે છે ? એક ગયો બીજો આવી ગયો, એક કોમ ગઈ બીજી કોમ આવી ગઈ. આ બધું તેના સામર્થ્યના કબજામાં છે. શું અલ્લાહ સિવાય કોઈ બીજો પણ ઈલાહ (ઈબાદતને પાત્ર, ઉપાસ્ય) છે? આટલી મોટી વાત તમારી સમજમાં નથી આવતી. તમે ઓછા જ નસીહત (ઉપદેશ, શિખામણ) હાસલ કરો છો. જો વિચાર કરશો તો એકરાર કરવા માટે વિવશ હશો કે અલ્લાહ સિવાય કોઈ હસ્તી એવી નથી જે મનુષ્યની પરેશાનીઓ દૂર કરી શકે.

**અલ્લાહતઆલા તમામ જરૂરતો પૂરી કરે છે**

આના પર એક અન્ય પાસાથી વિચાર કરો. કોઈ માણસ કોઈને કંઈ આપવા પણ ચાહે તો તેની પાસે શું છે જે આપે ? શું એ તેની તમામ જરૂરતો પૂરી કરી શકે છે ? અશક્ય છે. પરંતુ અલ્લાહ પાસે દરેક વસ્તુના ખજાના-ભંડાર છે : કોઈ વસ્તુ એવી નથી જેના ભંડાર અમારી પાસે ન હોય, અને જે વસ્તુને પણ અમે ઉતારીએ છીએ એક નિશ્ચિત માત્રામાં ઉતારીએ છીએ." (સૂરઃ હિજ, આયત-૨૧). અલ્લાહતઆલા તમારી દરેક ઈચ્છા પૂરી કરી શકે છે. તેનાથી તેના ખજાનાઓ-ભંડારોમાં કોઈ ફેર પડનાર નથી. કોઈ માણસ એકથી બે વખત તમારી મદદ કરશે તો વિચારશે કે હું આ મદદ ચાલુ રાખું કે ન રાખું ? મારા સંસાધનો આના માટે સાથ આપી રહ્યા છે કે નહીં ? પરંતુ અલ્લાહતઆલાનો મામલો આનાથી જુદો છે. હદીસ શરીફમાં આવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું વિશ્વના તમામ માનવો કોઈ એક જગ્યાએ એકત્ર થઈ જાય અને દરેક વ્યક્તિ કે તેના દિલમાં જે પણ ખ્વાહેશ, આરઝૂ અને તમન્ના છે પ્રસ્તુત કરે અને અલ્લાહ તેમની તમામ ખ્વાહેશો પૂરી કરી દે ત્યારે પણ અલ્લાહના ખજાનાઓમાં એટલી પણ કમી નહીં થાય કે જેટલી કમી કોઈ સમુદ્રમાં સોય ડુબાડીને કાઢવાથી તેમાં આવે છે." (મુસ્લિમઃ ૨૫૭૭). માનવીનો મામલો આ છે કે કોઈની પાસે કોઈ વારંવાર જાય છે તો એ પરેશાન થઈ જાય છે કે આ દરેક વખત (કાયમ) આવી રહ્યો છે, દરેક વખત (કાયમ) માગતો રહ્યો છે, પરંતુ અલ્લાહના કરમ (કૃપા) અને તેના અહેસાન (ઉપકાર)ની સ્થિતિ આ છે કે તે કહે છે કે માગો, જે માગી શકતા હોવ. અને જે તેનાથી (અલ્લાહથી) નથી માગતો તેનાથી તે નારાજ થાય છે. છે કોઈ દુનિયાનો આવો બાદશાહ. રસૂલુલ્લાહ ﷺ ફરમાવે છે : જે અલ્લાહની સામે હાથ નથી ફેલાવતો (તેનાથી નથી માગતો) તેના પર તે ગુસ્સે થાય છે." (તિર્મિઝી : ૩૩૭૩). કે તું એટલો મોટો થઈ ગયો છે, તારૂં આ સ્થાન કે દરજ્જો થઈ ગયો છે કે તું મારી સામે હાથ નથી ફેલાવી રહ્યો ? અહીં (દુનિયામાં) તો આ સ્થિતિ છે કે માગનારથી લોકો ગભરાય છે. ત્યાં (અલ્લાહ સમક્ષ) જે નથી માગતો તેનાથી અલ્લાહ નારાજ થાય છે. એક હદીસમાં આવે છે કે અલ્લાહ સમક્ષ જ્યારે બંદો હાથ ફેલાવે છે (માગે છે) એ શરમ મહેસૂસ કરે છે કે આ હાથોને ખાલી કેવી રીતે પલટાવું ? મારો બંદો કેટલીક આશાઓ-અપેક્ષાઓ સાથે મારી સમક્ષ ઈચ્છા સાથે હાથ ફેલાવી (માગી) રહ્યો છે તો હું કેવી રીતે કહી દઉં કે તમારી ઈચ્છા પૂરી નહીં થાય. તે તેને પોતાની હિકમત-મસ્લેહત હેઠળ જે યોગ્ય સમજે છે આપે છે.

**અલ્લાહના પોકાર પર લબ્બૈક કહો**

આની સાથે કુર્આનો આ આયતમાં એક અન્ય વાત કહી છે. તે આ કે હું તમારી સાથે છું. માગો, શું માગો છો. હું તમારી દુઆઓ સાંભળવા માટે તૈયાર છું. ક્યાંય જવાની જરૂરત નથી, શરત આ છે કે : હું પણ તો તેમને અવાજ આપી રહ્યો છું, તમને બોલાવી રહ્યો છું, અલ્લાહના સોગંદ ! જો માનવીને આ અહેસાસ હોય કે અલ્લાહ તેને બોલાવી રહ્યો છે અને એ જવાબ નથી આપી રહ્યો તો ભયથી તેનું કાળજું ફાટી જશે. ફરમાવ્યું : હું અવાજ દઈ (પોકારી) રહ્યો છું, તો તમારી જવાબદારી છે કે મારા પોકાર પર લબ્બૈક કહો.

(અનુસંધાન 5મા પાને)

સોનેરી વાક્યો સોનેરી વાક્યો

## સોનેરી કથન

### શૈખ અબ્દુલ કાદિર જીલાની રહ.

- જો કોઈ વ્યક્તિ તમને કોઈ બીજી વ્યક્તિ સાથે જોડી કે સાંકળીને દુઃખ પહોંચાડનારી વાત કહે તો તેને સખ્તીથી મના કરી દો-દબડાવી દો અને કહો કે તમે તો એ વ્યક્તિ કરતાં પણ વધુ ખરાબ (બૂરા) છો, કેમકે એણે તો આ વાત મારી પીઠ પાછળ (ગેરહાજરીમાં) કહી હતી અને મને કંઈ સંભળાયું નહીં (ખબર ન પડી), પરંતુ તમે મને એ સંભળાવી દીધી.
- જે તમારી ગીબત (કૂથલી) કરે છે એ તમને ફાયદો પહોંચાડનાર છે, કે પોતાના સદ્‌કાર્યો (નેકીઓ) તમારા નામએ-આ'માલ (કર્મ-નોંધ)માં નાખી દે છે.
- 'રિઝ્‌ક' (રોજી)ની એ વિશાળતા (અધિકતા) જેના પર આભાર માનવામાં ન આવે અને 'રોજગાર'ની એ તંગી કે જેના પર ધૈર્ય કરવામાં ન આવે ફિત્નો બની જાય છે.
- ઈર્ષા એવી બૂરી વસ્તુ છે જે ઈમાનને પોકળ અને અલ્લાહની રહેમતથી વંચિત કરી દે છે.

ZENITH PARTY PLOT
Bringing People Together
Zenith Tins Compound, Chhani, Vadodara.

શકીલ એમ.કાદરી
મો. ૯૮૨૫૧૪૭૮૬૦
મો.૯૯૭૮૬૯૨૦૧૧
મો. ૯૭૨૭૯૬૯૬૬૬
કાદરી પાર્ટી પ્લોટ
Kadri Party Plot
નાના મોટા શુભપ્રસંગે અને લગ્નના અવસરે તેમજ સામાજિક પ્રસંગો યોજવા માટે મુલાકાત લો.
એડ્રેસ : ટી.પી.-૮૫, ૧૦૦ ફીટ રોડ, અંબર ટાવર, સામે, સરખેજ રોડ, અહેમદાબાદ-૩૮૦ ૦૫૫. E-mail :sakil.kadri7766@gmail.com

'ઈલાહી ! ખતાઓંસે દિલ કો યૂં સુથરા ફરમા જૈસે મૈલ-કુચૈલસે સફેદ કપડે કો સુથરા બના દેતા હૈ.
ઈલાહી ! મુઝે ગુનાહોં સે ઈતના દૂર ફરમા દે જિતના તૂને પૂરબ કો પશ્ચિમ સે દૂર કર રખ્ખા હૈ.' (તિબરાની)


M : 9898062816
Video Call - M : 9428419044
25
Sarkhej Cultch
SALES & SERVICE
Email L aone.raju@yahoo.in
ww.sarkhejcultch.com
544/2, A-one Motor Garage Compound,
S.C. Highway, Sarkhej, Ahmeadabad-382210

આધુનિક ખત્ના કેન્દ્ર® (સુન્નત)
ટ્રેડમાર્ક ધરાવતી સરકાર માન્ય એકમાત્ર સંસ્થા
ડૉ. યાસીન સૈયદ (M.B.B.S.)
ડૉ. તૌફીક સૈયદ (B.H.M.S.)

ખત્ના તથા સર્વરોગ નિદાન કેન્દ્ર ચામડીના રોગોના અનુભવી
અમારી શાખાઓ :
(૧) જુહાપુરા શાહીન કોમ્પ્લેક્ષ મોડલ સ્કૂલની બાજુમાં, જુહાપુરા, સરખેજ રોડ અમદાવાદ.
સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ સવારે : ૧૦:૦૦ થી ૧૨:૩૦ સુધી
(૨) પથ્થરવાલી મસ્જિદ પાસે, શાહપુર અડ્ડા, અમદાવાદ. સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ - સાંજે : ૭:૦૦ થી ૯:૩૦ સુધી
(૩) શમશેરબાગ, પાકવાડા સામે, ગોમતીપુર, અમદાવાદ. સમય : સોમ થી શનિ - સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
સાંજે : ૬:૦૦ થી ૮:૦૦ સુધી | રવિવારે ફક્ત સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
Mo.: 99097 12900 | 93279 24050 | 98251 53388

સલીમ કરીમી
મો.: ૯૮૯૮૦ ૬૯૦૪૭
૯૭૨૪૭ ૭૮૬૯૮
Adarsh Driving School
પદ્ધતીસરનું ડ્રાઈવીંગ શિખવા માટે સંપર્ક કરો.
૧૪, આઝાન કોમ્પલેક્ષ, રોયલ નવાબ એવન્યુ ની સામે, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

અલ-કફીલ પુઠાવાળા
મો:૯૮૭૯૧૬૦૬૩૦
મો : ૮૭૮૦૧૫૫૦૭૯
રોયલ ટ્રેડર્સ
દરેક પ્રકારના રમકડા, પતંગ અને ફિરકીના જથ્થાબંધ વહેપારી
૧૯૦૮, હજીરાની પોળ પાસે, કાલુપુર ટાવર રોડ, અહમદઆબાદ-૩૮૦૦૦૧.
www.rtraders.freeservers.com

શાહીદભાઈ ૯૮૨૪૦૪૭૫૧૦
ઉસ્માનભાઈ ૯૮૯૮૬૧૮૫૦૨
7 STAR
સેવન સ્ટાર એગ્ઝ માર્ટ
છૂટક તથા જથ્થાબંધ ઈંડાના વહેપારી
જમાલપુર હલાડીવાડ, હેબતખાન મસ્જિદની પાસે, અહમદઆબાદ-૧
ફોન : ૨૫૩૯૧૪૨૮, ૨૫૩૮૦૦૧૪

# બદગુમાની..દિલોને તોડનારો ખામોશ ગુનાહ

● ફરઝાના નાહિદ-હૈદરાબાદ
અનુવાદઃ મુહમ્મદ અમીન શેઠ

સમજશક્તિની ભૂલ અવિશ્વાસના સ્વરૂપે સંબંધોને છિન્નભિન્ન કરી નાંખે છે.

માનવીય મન કાચની જેમ હોય છે..પારદર્શક, નાજુક અને લાગણીશીલ.. એના પર જો જરાક જેટલી ધૂળ જામી જાય તો ન માત્ર એની પારદર્શિતા પ્રભાવિત થાય છે બલ્કે એમાં દેખાતા ચહેરા પણ બગડી જાય છે..આ જ દિલના દર્પણ પર સૌથી ખતરનાક ડાઘ બદગુમાનીનો હોય છે..એક એવો ડાઘ જે ન માત્ર સાફ દિલને દૂષિત કરી નાંખે છે બલ્કે સંબંધોની ઉષ્માને ઠંડી હીમ બનાવી દે છે..

બદગુમાની એક ખામોશ ગુનાહ છે પણ એના પડઘા ખૂબ ગૂંજે છે એ ચૂપ નથી રહેતા..દિલોમાં અવિશ્વાસ, દિમાગોમાં વસવસાઓ અને સંબંધોમાં તિરાડો..આ એ બીમારી છે જે તંદુરસ્ત સમાજની નસોમાં પરિભ્રમણ કરી જાય તો ભરોસાનું ખૂન કરી નાંખે છે..

આપણે દરરોજના જીવનમાં કેટલીય વાર એવા બનાવોમાંથી પસાર થઈએ છીએ જ્યાં આપણને જ્ઞાન નથી હોતું, ખબર નથી હોતી,કોઈ સાબિતી નથી હોતી,માત્ર એક ખ્યાલ આવે છે...અને આપણે તેને યકીનનો લિબાસ પહેરાવી દઈએ છીએ..

- ફોન બંધ છે? આપણે માની લીધું કે જાણી-જોઈને બંધ કરી દીધો હશે..
- કોઈએ વાત કાપી નાંખી..આપણે સમજ્યા આ તો મારું અપમાન છે..
- કોઈએ હસીને કંઈ કહ્યું.. આપણે સમજ્યા આ તો કટાક્ષમાં બોલ્યો..
- કોઈએ આપણી ગેરહાજરીમાં કંઈ કહ્યું.. આપણે સમજ્યા આ તો મારી ફરિયાદ કરી રહ્યો હતો..

આવા ગુમાન જ્યારે દલીલ વગર યકીનનું સ્વરૂપ લે છે ત્યારે માણસ ન માત્ર પોતે વેદનાનો શિકાર બની જાય છે બલ્કે પોતાના આસપાસ એવું આવરણ બનાવી લે છે જે એને સંબંધોની ઉષ્મા અને ગરમીથી વંચિત કરી દે છે..



કુર્આન આપણને ચેતવણી આપે છે :

"હે લોકો,જેઓ ઈમાન લાવ્યા છો! બહુ અનુમાન કરવાથી બચો, કેમકે કેટલાક અનુમાનો ગુનાહ હોય છે." (સૂરઃ હુજુરાત-૧૨)

ઈસ્લામ આપણને હુસ્નેઝન (સારું અનુમાન) શીખવે છે..બીજાઓ વિશે સારું વિચારવું, એમની વાતને નરમાશથી લેવી, એમના કાર્યને સકારાત્મક રીતે જોવું..

બદગુમાની એક વિચાર નથી.. એક વલણ છે..એક વર્તન છે..જે દિલોને વેરાન, સંબંધોને તકલાદી-બોદા અને સમાજને અશાંત અને અસલામત બનાવી દે છે..

બદગુમાની ત્યાં હરામની કક્ષામાં આવી જાય છે જ્યાં માણસના પાસે ન કોઈ દલીલ હોય,ન કોઈ ચિહ્ન હોય ન જ કોઈ દેખીતું કારણ..માત્ર મનમાં ઊઠનારી શંકા,જેનું મૂળ માત્ર શેતાનનો પ્રપંચ હોય એ જુલ્મના વર્તુળમાં આવે છે કેમકે એ કોઈના કિરદાર, ચરિત્ર અથવા ઇઝ્ઝત પર એક તીર છે..એ પણ કમાન વગરનું ચલાવવામાં આવેલું તીર...

અને બદગુમાની માત્ર બીજાઓને જ નુકસાન નથી પહોંચાડતી,આ સ્વંય માણસનું સુખચેન છીનવી લે છે..તે દરેક વાત,દરેક કાર્ય અને દરેક ખામોશીમાં શું ખતરો છે એને શોધે છે..એક સામાન્ય વાક્ય પણ એને કટાક્ષ લાગે છે..ખામોશી પણ તેને કોઈ ષડ્યંત્ર લાગે છે અને મુહબ્બત પણ એક નાટક..

આવી વ્યક્તિ એકલી પડી જાય છે.. એના સંબંધો તૂટતા જાય છે..અને પછી એક દિવસ તે પોતાની જાતથી પણ બદગુમાન થઈ જાય છે..

આજનો સમાજ જે અવિશ્વાસ અને વિખવાદ તેમજ તૂટફૂટનો શિકાર છે એના મૂળમાં આ જ બિનજરૂરી બદગુમાનીઓ પોષાઈ રહી છે..

જો આપણે ઇચ્છીએ છીએ કે દિલોમાં નરમાશ પેદા થાય.. સંબંધોમાં ઉષ્મા અને મજબૂતી હોય અને સમાજમાં શાંતિ ને સલામતી હોય...તો આપણે બદગુમાનીની વિરુદ્ધ સંઘર્ષ કરવો પડશે..

ક્યારેક ક્યારેક એક હુસ્નેઝન એક સારું અને ભલું અનુમાન..કોઈ સંબંધને બચાવી લે છે..એક માફી..કોઈ દિલને જોડી દે છે..

અને એક નરમ વાત.. કોઈ જિંદગી બદલી નાંખે છે..

જેથી બદગુમાનીને બદલે હુસ્નેઝનને આદત અને ચિહ્ન અને નિશાની બનાવીએ..નહીંતર દિલની જમીન પડતર થઈ જશે અને સંબંધોના વૃક્ષો સુકાઈ જશે.

*(સાપ્તાહિક દા'વત ઉર્દૂના માધ્યમથી)*

## અલ્લાહના પોકાર...

(ચોથા પાનાનું ચાલુ)

દિવસમાં જ્યારે તમે કાર્યોમાં સક્રિય રહો છો ત્યારે પોકારું છું, રાત્રે જ્યારે આરામથી બિસ્તરમાં સૂતા હોવ ત્યારે પણ પોકારું છું, જ્યારે કોઈ તરફ ડગ માંડો છો ત્યારે પણ પોકારું છું. જુઓ આ પગલાં ખોટા છે અને આ પગલાં ખરા છે. જ્યારે કોઈ કાર્ય કરો છો તો પોકારું છું કે આ કાર્ય તમારે કરવું જોઈએ કે નહીં. તમે કોઈ મામલો કરો છો તો પોકારું છું કે આ મામલો ખરો છે કે નહીં ? કોઈની સાથે સારૂં કે ખરાબ વર્તન કરો છો તો તેના અંજામથી તમને વાકેફ કરી દઉં છું. તમારી જવાબદારી છે કે મારા પોકારનો ઉત્તર આપો અને તે મુજબ અમલ કરો. આપણો ઈમાન હોવો જોઈએ કે અલ્લાહના પોકાર ઉપર લબ્બૈક કહેવું આપણી ફરજ છે તેનાથી જ હિદાયત-માર્ગદર્શન મળશે, સફળતાનો માર્ગ દેખાશે. આ આયત રોઝાના આદેશ દરમ્યાન આવી છે. આમાં બતાવવામાં આવ્યું છે કે માનવી અલ્લાહના પોકાર પર જ્યારે લબ્બૈક કહે છે તો એ તેને સન્માર્ગથી નવાઝે છે, તેને ભટકવા નથી દેતો એક અન્ય પ્રસંગે કહેવામાં આવ્યું કે અલ્લાહના પોકાર પર જો લબ્બૈક કહેશો તો તમને જીવન મળશેઃ "હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! અલ્લાહ અને તેના રસૂલના પોકારને તત્કાળ સ્વીકારી લો." (સૂરઃ અન્ફાલ, આયત-૨૪). એટલા માટે કે અલ્લાહ અને તેના રસૂલ તમને કાયમી જીવન માટે પોકારી રહ્યા છે. આ વાત આ પશ્ચાદ્ભૂમિમાં કહેવામાં આવી છે કે અલ્લાહ અને તેના રસૂલ તમને પ્રાણ આપવા માટે પણ પોકારે તો આ સમજીને દોડો કે તેમાં તમારૂં જીવન છે, તમારી મિલ્લતનું જીવન છે, તમારી કોમનું જીવન છે.

આપણો મામલો આ છે કે આપણે સમગ્ર જીવનમાં એક તરફી (One Way) ચાલી રહ્યા છીએ. દરેક વખતે આ વિચારીએ છીએ કે અલ્લાહનો મામલો આપણી સાથે નવાજેશોનો કેમ નથી ? આપણી દુઆઓ કેમ નથી સાંભળતો ? અન્યો પર તેની દયા-કૃપા છે, અમારી સાથે આવું કેમ નથી થતું ? આપણે ચારે તરફથી જુલ્મ-અત્યાચારનો ભોગ કેમ બનેલા છીએ? આપણી સાથે અતિશયોક્તિ કે અત્યાચાર કેમ થઈ રહ્યો છે ? અને આપણી અમારી દુઆઓ સાંભળવામાં કેમ નથી આવતી ? ઉત્તર તેનો આ છે કે અલ્લાહતઆલા પણ તો આપણને પોકારી રહ્યો છે. આપણે જો તેના પોકારનો ઉત્તર ન આપીએ તો ક્યા મોઢે કહી શકીએ છીએ કે અલ્લાહતઆલા આપણી દુઆ નથી સાંભળી રહ્યો. •••

## રોશનીના મીનાર...

(સાતમા પાનાનું ચાલુ)

હઝરત સઈદ બિન ઝૈદ ફરમાવે છેઃ

"મેં જેવી તેની વાતો સાંભળી અને તેને મ્યાનમાંથી તલવાર ખેંચીને દુશ્મનના મુકાબલે જતાં જોયો, જમીન પર ઘૂંટણિયે બેસીને પોતાનો ભાલો સીધો કરી લીધો અને લડવા માટે તૈયાર થઈ ગયો. અને દુશ્મન તરફથી સૌથી પહેલો સવાર જે અમારી તરફ આગળ વધ્યો તેને પોતાના ભાલાથી વીંધી દીધો, પછી દુશ્મન પર તૂટી પડયો. તે સમય સુધી અલ્લાહતઆલા મારા દિલમાંથી દરેક પ્રકારના ભય અને આતંકને દૂર કરી ચૂક્યા હતા. અને પછી બધા મુસલમાનો રોમનો પર એકસાથે તૂટી પડયા અને જ્યાં સુધી અલ્લાહ તઆલાએ તેમને પોતાની મદદ અને સફળતાથી નવાજ્યા નહીં, ત્યાં સુધી સતત તેમની સાથે લડતા રહ્યા."

આ પછી હઝરત સઈદ બિન ઝૈદ રદિ. દમાસ્કસની જીતમાં સામેલ થયા. જ્યારે દમાસ્કસના લોકોએ મુસલમાનોનું આજ્ઞાપાલન સ્વીકારી લીધું, ત્યારે હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ રદિ.એ તેમને ત્યાંના ગવર્નર નિયુક્ત કર્યા. આ રીતે હઝરત સઈદ બિન ઝૈદ દમાસ્કસના સૌથી પહેલા મુસલમાન ગવર્નર હતા.

હઝરત મુઆવિયા બિન અબી સુફિયાન રદિ.ના સમયમાં હઝરત સઈદ બિન ઝૈદ રદિ. સાથે એક એવી ઘટના બની, જેને મદીનાના લોકો ઘણા દિવસો સુધી વર્ણવતા રહ્યા. થયું એ કે કર્વા બિન ઔસ નામની એક સ્ત્રીએ દાવો કર્યો કે સઈદ બિન ઝૈદ રદિ.એ તેની જમીનનો એક ભાગ પચાવી પાડીને પોતાની જમીનમાં સામેલ કરી લીધો છે. પહેલાં તો તે આ વાતને મુસલમાનોમાં અહીં-તહીં કહીને સઈદ બિન ઝૈદ રદિ.ને બદનામ કરતી રહી. પછી તેને એક મુકદમાના રૂપમાં મરવાનની અદાલતમાં રજૂ કરવામાં આવ્યો, જે તે સમયે મદીનાનો ગવર્નર હતો. જ્યારે મરવાને આ મામલામાં વાતચીત કરવા માટે કેટલાક માણસોને તેમની પાસે મોકલ્યા તો આ વાત રસૂલુલ્લાહ ﷺના આ મોહતરમ સહાબીને ખૂબ જ અઘરી લાગી અને તેમણે ફરમાવ્યુંઃ

"લોકો સમજે છે કે મેં તેની જમીન દબાવી દીધી છે!! હું આવી અત્યાચારી હરકત કેવી રીતે કરી શકું? જ્યારે કે મેં ખુદ રસૂલે કરીમ ﷺને આ ફરમાવતા સાંભળ્યા છેઃ

'જે વ્યક્તિ કોઈની એક વેંત જમીન પચાવશે, ક્યામતના દિવસે સાતેય જમીનોનો હાર તેના ગળામાં નાખવામાં આવશે.'

પછી તેમણે તેના હકમાં બદ્દુઆ કરતાં ફરમાવ્યુંઃ "હે ખુદા! તે કહે છે કે મેં તેના ઉપર જુલમ કર્યો છે. જો તે જૂઠી છે તો તેને અંધ કરીને તે કૂવામાં ફેંકી દે જેના વિશે તે મારી સાથે ઝઘડી રહી છે."

તેના થોડા જ દિવસો પછી વાદી હકીકમાં એવું જોરદાર પૂર આવ્યું, જેણે પાછલા બધા રેકોર્ડ તોડી નાખ્યા. આ પૂરથી બંને જમીનો વચ્ચે આવેલી હદની રેખા સ્પષ્ટ થઈ ગઈ જેના સંબંધમાં બંને વચ્ચે મતભેદ થયો હતો. તેની સાથે જ આ વાત પણ ખુલ્લેઆમ સામે આવી ગઈ કે હઝરત સઈદ બિન ઝૈદ રદિ. આ મામલામાં સાચા હતા, અને એક મહિનો વીતતાં વીતતાં તે સ્ત્રી અંધ થઈ ગઈ, અને એક દિવસ જ્યારે તે પોતાની તે જ જમીનમાં ફરી રહી હતી, કૂવામાં પડી ગઈ.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ. કહે છેઃ અમે લોકો તે સમયે અમારા બાળપણમાં એક વ્યક્તિને બીજી વ્યક્તિથી આ કહેતા સાંભળતા હતાઃ અલ્લાહ તઆલા મને અંધ કરી દે જેમ કે અરવીને કર્યો છે. અને આમાં કોઈ આશ્ચર્યનું સ્થાન નથી કારણ કે રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છેઃ

"મજલૂમની બદ્દુઆથી બચો, કારણ કે તેના અને અલ્લાહતઆલા વચ્ચે કોઈ પડદો નથી."

ખાસ કરીને તે સમયે ખુદા અને તેના મજલૂમ બંદા વચ્ચે કેવી રીતે કોઈ પડદો અડચણરૂપ થાય જ્યારે મજલૂમ હઝરત સઈદ બિન ઝૈદ રદિ. હતા, જેઓ તે દસ પવિત્ર આત્માઓ પૈકી હતા જેમને નબીએ કરીમ ﷺએ દુનિયામાં જ જન્નતની ખુશખબરી આપી દીધી હતી. •••

# મંગોલો પાછા આવી ગયા છે..!!

● શકીલ અહમદ રાજપૂત




છેલ્લા હજારો વર્ષોના ઇતિહાસમાં, જ્યારે પણ "સૌથી ક્રૂર કોમ"ની વાત આવે છે, ત્યારે મોંગોલ જાતિનું નામ મોખરે આવે છે. તેઓ નરસંહાર, વિનાશ અને નિર્દયતા માટે કુખ્યાત હતા. ખાસ કરીને ચંગીઝખાન અને હલાકુખાનના નેતૃત્વમાં તેમણે જે કહેર વર્તાવ્યો હતો, તે અવિસ્મરણીય છે. તે જંગલી અને હેવાનિયતભર્યા લોકો પાસે બે જ વિકલ્પો હતા: કાં તો અમારી તાબેદારી સ્વીકારો અથવા મૃત્યુ પામો. તેમણે ઈ.સ. ૧૨૫૮માં બગદાદ જેવા મોટા સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક કેન્દ્રોનો નાશ કર્યો હતો. 'બૈતુલ હિકમહ' (જ્ઞાનનું ઘર) અને ત્યાં સંગ્રહિત લાખો પુસ્તકોનો નાશ કરવામાં આવ્યો હતો. કહેવાય છે કે, ટાઇગ્રિસ નદીનું પાણી શાહીથી કાળું થઈ ગયું હતું.

વર્તમાન ફલસ્તીનની પરિસ્થિતિ જોઈને બગદાદની તે કરુણ યાદો તાજી થાય છે. ઇઝરાયલ જાણે આધુનિક યુગનો મોંગોલ છે, જેણે ફલસ્તીન જેવી પવિત્ર ભૂમિની પવિત્રતા જ ભ્રષ્ટ કરી એટલું જ નહીં, બલ્કે માસૂમ બાળકો અને મહિલાઓના લોહીથી તેમની ધરતીને લાલ કરી રહ્યો છે. ઘાયલો અને વિકલાંગો પર દયા નહીં, વૃદ્ધો પર નહીં. કેદીઓ સાથે માનવીય વ્યવહાર નથી કે પત્રકારો સાથે પણ નહીં. હોસ્પિટલો, ઘરો અને બજારોને પણ છોડવામાં નથી આવ્યા. શાળાઓને સુરક્ષિત રાખવામાં આવી નથી કે ઈબાદતગાહો (મસ્જિદો/ચર્ચો)ના સન્માનનો પણ અનાદર કરવામાં આવ્યો છે. રાહદારીઓ પર જ નહીં, પરંતુ ખાદ્ય સહાય કેન્દ્રો પર પણ બોમ્બ ફેંકવામાં આવી રહ્યા છે. વીજળી નથી, પાણી નથી, ઈંધણ નથી, ખોરાક નથી; ઊલટું ભૂખમરો એક હથિયાર બની ગયો છે. ઇઝરાયલની આ હરકતો જોઈને હેવાનો પણ સ્તબ્ધ છે અને શેતાન પણ શરમાય છે. ઇઝરાયલને ત્રીજી સહસ્રાબ્દી (મિલેનિયમ)ની સૌથી ખૂંખાર જાતિનો પુરસ્કાર મળવો જોઈએ.

આ ક્ષેત્રને જ્યારે હઝરત ઉમર ફારુક રદિ.એ પરાજિત કર્યું હતું, ત્યારે પણ ખ્રિસ્તીઓ અને યહૂદીઓ સાથે સારો વ્યવહાર કર્યો હતો. અને જ્યારે સલાહુદ્દીન ઐયૂબીએ ફરીથી વિજય પ્રાપ્ત કર્યો, ત્યારે પણ આ શહેરની પવિત્રતાને ભ્રષ્ટ થવા દીધી ન'હોતી.

હે માનવો, શું તમારો પોતાનો ધર્મ આ નરસંહારને યોગ્ય ઠેરવે છે? શું તમારી અંતરાત્મા આ અત્યાચારોનો બચાવ કરી શકે છે?

ચોક્કસ નહીં...તો પછી આ મૌન શા માટે? કાયમી યુદ્ધવિરામ માટે એક મજબૂત અવાજ શા માટે નથી ઊઠતો? તમે જ્યાં છો, ત્યાંથી કંઈક પ્રયાસ કરો. કોઈ ચેતના ઊભી થવી જોઈએ. માનવીય સહાય મોકલવા માટે પ્રયત્નો કરો. મારી ખાસ કરીને મુસ્લિમ દેશોને અપીલ છે કે તમારૂં આત્મસન્માન ક્યાં મરી ગયું છે? જે પ્રજાને અલ્લાહે ન્યાયનો ધ્વજવાહક અને ખુદા માટેનો સાક્ષી બનાવ્યો હતો, તે દુનિયાની મહોબ્બતમાં કેવી રીતે ગિરફતાર થઈ ગઈ! શું તમારા કાનને માસૂમોની ચીસો સંભળાતી નથી કે દિલ-દિમાગ પર ઇસ્લામના દુશ્મનોનો ભય છવાયેલો છે?! જે કુર્આને મઝલૂમોની હિમાયત માટે તમને ઊભા કર્યા હતા, તેના માનનારા શા માટે જાલિમોની સાથે છે? યાદ રાખો, બધાને એક દિવસ તો મૃત્યુનો સામનો કરવાનો જ છે અને પોતાના કર્મોનો હિસાબ આપવાનો છે. પોતાની જવાબદારી અદા કરવા સજ્જ થઈ જાવ, એ પહેલાં કે ઘણું બધું મોડું થઈ જાય.

હે અલ્લાહ, તું બધા પર રહમ કર, મઝલૂમોની હિફાઝત કર. જાલિમો પર તારો કહેર વરસાવ અને દુનિયામાં અમન કાયમ કર.

***શહરે અઝીમતના શૂરવીરો (હિમ્મતવાન)ને સલામ.***
***પવિત્ર શહેરના રખેવાળોને સલામ.***
***મસ્જિદે અક્સાના મુહાફિઝો (રક્ષકો)ને સલામ.***
***ફલસ્તીનવાસીઓની અડગતા (હિમ્મત)ને સલામ.***
***એહલે વફાની ઈસ્તકામત (દૃઢતા)ને સલામ.***

# ઈસ્લામી ક્વિઝ

## ક્વિઝ નંબર : ૨૨૮

પ્ર.૧ કુર્આનમજીદમાં 'શબે-મે'રાજ'ની ઘટનાનો ઉલ્લેખ કયા પારામાં છે?
પ્ર.૨ નબી અને રસૂલમાં શું ફેર છે?
પ્ર.૩ હુઝૂર સ.અ.વ.એ કયામતની કેટલી નિશાનીઓ બતાવી છે?
પ્ર.૪ આબે ઝમઝમનો કૂવો (ઝરણું) કોની યાદ છે?
પ્ર.૪ શું આપ જણાવી શકશો કે અઝાન કયારથી શરૂ થઈ?

ક્વિઝ નં. ૨૨૮ના જવાબો

ઉ.૧ ૧૫ (પંદર)મા પારામાં.
ઉ.૨ દરેક નબી પૈગમ્બર હોય છે, જ્યારે કે રસૂલ નવી શરીઅત અને આકાશીય ગ્રંથ સાથે લાવે છે.
ઉ.૩ ૭૨.
ઉ.૪ હઝરત ઇસ્માઈલ અ.સ.ની.
ઉ.૪ હિ.સ. ૨માં.

એચ.એસ.હોટલવાલા : એસ.ટી.રોડ, અહમદઆબાદ.

# 'સફર' મહિનાની હકીકત

● રજૂઆત : અનવરખાન

"નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું: સફર (નો મહિનો) મનહૂસ નથી." (સહીહ બુખારી) વિશ્વના તમામ ધર્મોમાં ઇસ્લામની ખૂબી મધ્યમ માર્ગ છે. આ વધુ પડતા ઘટાડા-વધારાથી મુક્ત છે. પોતાની પૂર્ણતા અને સર્વ-ગ્રાહ્ય હોવાના લીધે તેમાં 'ઈલ્હાદ' તથા બિદ્અતો અને અન્ય બગાડની સ્હેજેય ગુંજાયશ નથી.

સૃષ્ટિની તમામ વસ્તુઓ અલ્લાહતઆલાની 'તખ્લીક' (સર્જન) કરેલ છે. આનો સ્પષ્ટ અર્થ આ છે કે તેમનામાં તેમની પોતાની કે ખુદ તેમની કોઈ આવડત કે કાબેલિયત નથી. જેટલી તેમના 'ખાલિક' (સર્જનહાર)એ તેમને આપી છે એ જ તેઓ ધરાવે છે, તેમની પાસે છે. આ દૃષ્ટિએ જો જોવામાં આવે તો વસ્તુઓમાં ચાહે એ માનવો હોય કે જિન્નાતો, પાણી હોય કે હવા, વૃક્ષ હોય કે પત્થર, નદી હોય કે પર્વત, ચંદ્ર હોય કે સૂર્ય, તારા હોય કે ગ્રહો, દિવસ હોય કે રાત, મહિનો હોય કે વર્ષ કોઈનામાં પણ આ કાબેલિયત નથી કે તે આપમેળે કંઈ પણ કરી શકે, કોઈને નફો કે નુકસાન પહોંચાડી શકે. આ વાસ્તવિકતાની તરફ ઈશારો કુર્આનમજીદના એક સંક્ષિપ્ત વાક્યમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. ઈર્શાદ છે : અલ્લાહ સિવાય કોઈ શક્તિ નથી.

એક મુફસ્સિર ખાઝન રહ. આની સમજૂતી (વિવરણ)માં લખે છે : આ એ વાતનો એકરાર છે કે રચના અને યુક્તિની જે પણ તાકત મને પ્રાપ્ત છે, તે અલ્લાહની તૌફીકથી છે અને તેના વિના હું પોતાના (અલ્લાહે અર્પેલ) માલના રક્ષણ ઉપર પણ સામર્થ્ય નથી ધરાવતો." (તફસીરે ખાઝન : ભાગ-૪, પૃષ્ઠ-૨૧૩)

આ તો વાત માનવીની કરવામાં આવી રહી છે, જે "અશ્રફુલ મખ્લૂકાત" (સર્વશ્રેષ્ઠ સૃજન) છે, તો જે "અશ્રફુલ મખ્લૂકાત" નથી તેમની અંદર તો દેખીતી વાત છે કે કોઈ પણ પ્રકારની કોઈ જ કાબેલિયત કેવી રીતે હોઈ શકે છે? હા, આટલી કાબેલિયત દરેકમાં છે જેટલી અલ્લાહતઆલાએ તેમને આપી છે.

દિવસ અને રાત તેમજ મહિના તથા વર્ષ પણ અલ્લાહતઆલાએ બનાવેલા છે. દેખીતું છે કે તેમની અંદર પણ તેમની પોતાની કોઈ એવી કાબેલિયત નથી કે તેનાથી જેને ચાહે નફો કે નુકસાન પહોંચાડી શકે.

એક સમય હતો જેને અજ્ઞાનતાકાળ કહેવામાં આવે છે ત્યારે લોકો ઘણી વસ્તુઓ અને અમુક દિવસો, મહિનાઓ વિ.ને 'મન્હૂસ' (અશુભ) માનતા હતા. પરંતુ આજે જ્યારે શિક્ષણ, ટેકનોલોજી અને સાથો-સાથ દીની ઈલ્મ પણ ઘણું વધી ગયું હોવા છતાં આ પ્રકારની માન્યતાઓ જોવા મળે છે. આ ખૂબ જ દુઃખ તથા અફસોસની વાત છે. કેટલાક લોકો મુહર્રમને માતમનો મહિનો માની તેમાં લગ્ન વિ. જેવા ખુશીના કાર્યો કરવાને ખોટું કે અશુભ માને છે. મિલ્લતે આજે પોતે જ પોતાની રીતે કેટલાક દિવસોને અમુક કાર્યો કરવા માટે અને અમુક દિવસો કે મહિનાઓમાં અમુક કાર્યો નહીં કરવાનું નક્કી કરી લીધું છે, જે યોગ્ય નથી. મિલ્લતે તમામ ઇબાદતો અલ્લાહ અને તેના રસૂલ ﷺ દ્વારા બતાવાયેલ રીતે અને સમયે તથા એ દિવસો કે મહિનાઓ દરમ્યાન નિયમિત રીતે કરવી જોઈએ.

અલ્લાહતઆલા આપણને એ વસ્તુઓથી બચાવે જેની 'દીને-કામિલ' (પૂર્ણ દીન)માં ગુંજાયશ ન હોય. •••

સેલ... સેલ... સેલ... ૫૦% લેસ
રેમન્ડ, રેડ એન્ડ ટેલર, દિનેશ, દિગ્જામ
લીનન તથા કોટન પેન્ટ પીસ ૩ ફક્ત ૧૨૦૦/-ને વધુ
કોટન શર્ટ પીસ ૩ ફક્ત રૂા.૭૫૦/- ● શર્ટપીસ-૩ ફક્ત રૂા.૬૦૦/-
સેલ ફક્ત રમઝાન માટે ● પ્રખ્યાત મીલના પેન્ટપીસ-૩ ફક્ત રૂા.૭૫૦/-
પઠાણીનો ૬ મીટર કટ ફક્ત રૂા.૩૬૦/- ને વધુ
યુનિટ પ્રખ્યાત મિલોની જોડી ફક્ત રૂા.૨૫૦/- અને વધુ
ક્લોથ સેન્ટર ૮૩, આનંદ શોપિંગ સેન્ટર ન્યુ હાઈસ્કૂલ સામે, રતનપોળ, અહમદઆબાદ. રવિવારે ચાલુ

જેણે પોતાના મનને સાફ કર્યું એ સફળ થઈ ગયો. અને ન કર્યું એ નિષ્ફળ થયો. (સૂરઃઅશ્ શમ્સ આયત ૯-૧૦)



સરકાર માન્ય BIS Approved હોલમાર્ક જ્વેલર્સ
અલ-મદની જ્વેલ્સ
(માણેકચોકવાળા)
સોના-ચાંદીના દાગીનાનો અદ્યતન શો-રૂમ
એ-૨૮, રોયલ નવાબ એવન્યુ, મોતી બેકરી પાસે, જુહાપુરા-સરખેજ રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯ - ૨૬૮૨૩૧૨૩ મોબાઈલ : ૮૮૬૬૦ ૫૦૧૨૩

રોશનીના મીનાર

# હઝરત સઈદ બિન ઝૈદ

રદિયલ્લાહુ તઆલા અન્હુ

ડૉ. અબ્દુર્રહમાન રફત પાશા

ઝૈદ બિન ઉમરુ બિન નુફૈલ લોકોના ટોળાથી દૂર ઊભા રહીને કુરૈશને જોઈ રહ્યા હતા, જેઓ એક તહેવાર નિમિત્તે ઉજવણી કરવા અને ધાર્મિક વિધિઓ કરવા માટે ભેગા થયા હતા. તેમણે એ પુરુષોને જોયા જેઓ કિંમતી રેશમી પાઘડીઓ માથે બાંધી, મૂલ્યવાન યમની ચાદરોમાં લપેટાઈને મોટા ગર્વ અને ઘમંડ સાથે ફરતા હતા. તેમની નજર એ સ્ત્રીઓ અને બાળકો પર પડી જેઓ ભપકાદાર વસ્ત્રો પહેરીને અને દુર્લભ પ્રકારના ઘરેણાંથી સજ્જ થઈને મેળાની રોનકમાં વધારો કરી રહ્યા હતા. તેમની નજર એ જાનવરો તરફ પણ ગઈ જેને કેટલાક સમૃદ્ધ લોકો વિવિધ પ્રકારની ઝીંખોથી સજાવીને મૂર્તિઓ સામે વધ કરવા માટે ખેંચી રહ્યા હતા. તેઓ ખાનએ કા'બાની દીવાલને ટેકો દઈને ઊભા રહ્યા અને કુરૈશને સંબોધિત કરતા બોલ્યાઃ

"કુરૈશના લોકો! અલ્લાહે બકરીને પેદા કરી, આકાશમાંથી પાણી વરસાવ્યું જેને પીને તે સંતુષ્ટ થઈ. જમીનમાંથી ઘાસ ઉગાડ્યું, જેને ખાઈને તે તૃપ્ત થઈ, અને તમે છો કે તેને અલ્લાહ સિવાય બીજાઓના નામે વધ કરવા માટે ખેંચી રહ્યા છો. હું સમજું છું કે તમે મોટા નાદાન અને જાહિલ લોકો છો."

આ સાંભળીને તેમના કાકા, હઝરત ઉમર બિન ખત્તાબ રદિ.ના પિતા ખત્તાબ ગુસ્સે થઈને તેમની પાસે પહોંચ્યા અને તેમને લાફો મારતાં બોલ્યાઃ

"તારો નાશ થાય, તારી આ બકવાસ અમે સતત સાંભળતા અને સહન કરતા આવ્યા છીએ, પણ હવે અમારી ધીરજ અને સહનશીલતાનો અંત આવી ગયો છે."

અને પછી તેમણે પોતાના કબીલાના બદમાશો અને લફંગા છોકરાઓને તેમની વિરુદ્ધ ઉશ્કેર્યા જેઓ તેમની પાછળ પડી ગયા અને તેમને એટલા સતાવ્યા કે તેમને મક્કા છોડીને હિરાની પહાડી તરફ નીકળી જવું પડ્યું. આ પછી તેઓ ક્યારેક જ, અને તે પણ છૂપી રીતે, મક્કામાં દાખલ થઈ શકતા હતા.

એક વાર તેઓ કુરૈશને ખબર ન પડે એ રીતે વરકા બિન નૌફલ, અબ્દુલ્લાહ બિન જહશ, ઉસ્માન બિન હારિસ અને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ (ﷺ)ની ફોઈ ઉમૈમા બિન અબ્દુલ મુત્તલિબને મળ્યા. તેમની એ મજલિસમાં તે ગુમરાહીની ચર્ચા કરવામાં આવી રહી હતી જેમાં કુરૈશના લોકો માથાથી પગ સુધી ડૂબેલા હતા. છેવટે ઝૈદે પોતાના સાથીઓથી કહ્યુંઃ

"ખુદાની કસમ! તમને લોકોને આ વાત સારી રીતે ખબર છે કે તમારી કોમના લોકો હિદાયત પર નથી. તેઓ દીન-એ-ઇબ્રાહીમીને ભૂલી ગયા છે અને તેની વિરુદ્ધ કમર કસી લીધી છે. તેથી જો મુક્તિ ઇચ્છો છો તો પોતાના માટે કોઈ સાચો દીન શોધો અને તેના અનુસાર જીવન ગુજારો."

આથી તે ચારેય પુરુષો, હનીફિયત (દીન-એ-ઇબ્રાહીમી)ની શોધમાં યહૂદી અને ઈસાઈ વિદ્વાનો અને અન્ય ધર્મોના જ્ઞાનીઓ પાસે પહોંચ્યા. તેમાંથી વર્કા બિન નૌફલે તો ઈસાઇયત સ્વીકારી લીધી, પરંતુ અબ્દુલ્લાહ બિન જહશ અને ઉસ્માન બિન હારિસ કોઈ નિર્ણય પર પહોંચી શક્યા નહીં. રહ્યા ઝૈદ બિન ઉમરુ બિન નુફૈલ, તો તેમની સત્યની શોધની આ ગતિવિધિઓની ગાથા તેમની જ વાણીમાં સાંભળો. તેઓ કહે છેઃ

"મેં યહૂદિયત અને ઈસાઈયત પર વિચાર કર્યો, પણ મને આ બંને ધર્મોમાં એવી કોઈ વસ્તુ ન મળી, જેનાથી મને તેમના દીન-એ-હક હોવા પર સંતોષ થાય. તેથી મેં તે બંનેથી મોઢું ફેરવી લીધું અને દીન-એ-ઇબ્રાહીમીની શોધમાં વિવિધ વિસ્તારોમાં ભટકતો રહ્યો. આ સંબંધમાં જ્યારે હું સીરિયા પહોંચ્યો તો મને કહેવામાં આવ્યું કે ફલાણા પાદરી પાસે અલ્લાહની કિતાબનું જ્ઞાન છે. હું તેની પાસે પહોંચ્યો અને મારા હેતુથી તેને વાકેફ કર્યો. મારી વાતો સાંભળીને તેણે કહ્યુંઃ 'મક્કી ભાઈ! મારું માનવું છે કે તમે દીન-એ-ઇબ્રાહીમીની શોધમાં છો.'

"હા." મેં કહ્યું. "મને તેની શોધ છે."

ત્યારે તેમણે મને જણાવ્યું કે તમે જે દીન શોધી રહ્યા છો જેનું આજે ક્યાંય અસ્તિત્વ નથી. તમે તમારા શહેર પાછા જાઓ. અલ્લાહ તઆલા ટૂંક સમયમાં ત્યાંથી એક વ્યક્તિને અંતિમ પયગંબર તરીકે નિયુક્ત કરવાના છે, જે દીન-એ-ઇબ્રાહીમનું નવીનીકરણ કરશે. જો તમે તેને પામી જાઓ તો તેને અપનાવી લેજો."

ઝૈદ એ નબીની શોધમાં ઝડપી પગલાં ભરતાં ત્યાંથી મક્કા તરફ પાછા ફર્યા. હજી તેઓ રસ્તામાં જ હતા કે અલ્લાહ તઆલાએ પોતાના નબી હઝરત મુહમ્મદ મુસ્તફા (ﷺ)ને હિદાયત અને દીન-એ-હક આપીને મોકલ્યા, પરંતુ ઝૈદ આપની સેવામાં હાજર ન થઈ શક્યા કારણ કે મુસાફરી દરમિયાન બદ્દુઓની એક ટોળીએ હુમલો કરીને મક્કા પહોંચતા પહેલાં જ તેમને કતલ કરી નાખ્યા અને તેમની તૃષ્ણાભરી આંખો રસૂલુલ્લાહ ﷺના દીદારથી સંતૃપ્ત ન થઈ શકી. જે સમયે તેઓ પોતાના જીવનના છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા, તેમણે પોતાની નજર આકાશ તરફ ઊંચી કરતાં કહ્યુંઃ

"હે અલ્લાહ! જો કે તેં મને આ ભલાઈથી વંચિત રાખ્યો છે, પણ મારા પુત્ર સઈદને તેનાથી વંચિત ન રાખજે."

અને અલ્લાહ તઆલાની હિદાયતે ઝૈદની આ દુઆને સ્વીકૃતિ બક્ષી. તેથી જ્યારે રસૂલુલ્લાહ (ﷺ) લોકોને ઇસ્લામની દા'વત આપવા માટે ઊભા થયા, ત્યારે ઝૈદના પુત્ર સઈદ તે લોકોમાં હતા જેઓ સૌથી પહેલાં અલ્લાહ પર ઈમાન લાવ્યા અને જેમણે નબી ﷺની પુષ્ટિ કરી. અને આમાં કોઈ આશ્ચર્યની વાત એટલા માટે નથી કે તેમનો ઉછેર એક એવા ઘરમાં થયો હતો જે તે ભ્રમણાઓથી સખત નફરત કરતું હતું જેમાં કુરૈશના લોકો ડૂબેલા હતા અને તેમનો ઉછેર એક એવા પિતાની છત્રછાયામાં થયો હતો જે જીવનભર સત્યની શોધમાં વ્યસ્ત રહ્યા અને તેમને મૃત્યુ આવ્યું ત્યારે તેઓ સત્યને પામવાની આશા દિલમાં રાખીને ઝડપથી તેનો પીછો કરી રહ્યા હતા.

હઝરત સઈદ બિન ઝૈદ રદિ. એકલા ઇસ્લામ કબૂલ કરનાર ન'હોતા, બલ્કે તેમની સાથે તેમની પત્ની, હઝરત ઉમર રદિ.ની બહેન, હઝરત ફાતિમા બિન ખત્તાબ રદિ. પણ ઈમાનની દૌલતથી માલામાલ થયા. આ કુરૈશી યુવાને પોતાની કોમના હાથે પોતાના દીનના પરીક્ષણના માર્ગમાં એવી એવી આકરી અને મુશ્કેલ યાતનાઓનો સામનો કર્યો જેના તેઓ પોતાના ઉચ્ચ દરજ્જાને કારણે હકદાર હતા. પરંતુ કુરૈશ તેમને દીન-એ-ઇસ્લામથી ફેરવી શક્યા નહીં. તેનાથી વિપરીત, તેઓ અને તેમની પત્ની બંને મળીને એક અત્યંત મોભાદાર અને કુફની અત્યંત મહત્ત્વપૂર્ણ વ્યક્તિને ઇસ્લામ તરફ ખેંચી લાવવામાં સફળ રહ્યા. એટલે કે, તેઓ હઝરત ઉમર રદિ.ના ઇસ્લામ કબૂલ કરવાનું કારણ બન્યા.

હઝરત સઈદ બિન ઝૈદ રદિ. જ્યારે ઇસ્લામના વર્તુળમાં દાખલ થયા, ત્યારે તેમની ઉંમર વીસ વર્ષથી વધુ ન હતી. તે પછી તેમણે પોતાની આખી યુવાની અને તેની બધી શક્તિઓ અને ક્ષમતાઓ ઇસ્લામની સેવામાં ખર્ચી નાંખી. તેઓ બદ્ર સિવાયના તમામ યુદ્ધોમાં રસૂલે અકરમ ﷺની સાથે રહ્યા. ગઝવા-એ-બદ્રમાં તેમની ગેરહાજરી પણ તેમની કોઈ બેદરકારી કે અણગમાને કારણે ન'હોતી, બલ્કે રસૂલુલ્લાહ ﷺએ તે સમયે તેમને બીજી એક મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપી હતી.

તેમણે કિસરા એટલે શાહે ઈરાનને સિંહાસનથી વંચિત કરવામાં અને કૈસર એટલે શહેનશાહે રોમને તેના દેશમાંથી હાંકી કાઢવામાં મુસલમાનો સાથે ભરપૂર ભાગ લીધો અને મુસલમાનોને જ્યારે પણ કોઈ ખતરનાક યુદ્ધનો સામનો કરવો પડ્યો, હઝરત સઈદ બિન ઝૈદ રદિ.એ તેમાં અદ્વિતીય હિંમત અને બહાદુરીનું પ્રદર્શન કર્યું અને અત્યંત તેજસ્વી અને પ્રશંસનીય કારનામા અંજામ આપ્યા. તેમની બહાદુરી અને શૂરવીરતાનું આશ્ચર્યજનક કારનામું તે છે જે તેમણે યરમૂકના યુદ્ધમાં અંજામ આપ્યું હતું અને જે તે યુદ્ધ ઇતિહાસનું સૌથી તેજસ્વી પ્રકરણ છે. તેની એક ઝલક તેમના તે કથનથી આપણી સામે આવે છે જેને ઇતિહાસે તેમના આ શબ્દોમાં હંમેશ માટે પોતાના પૃષ્ઠોમાં સુરક્ષિત કરી લીધું છે.

"ગઝવા-એ-યરમૂકના સમયે અમારી સંખ્યા લગભગ ચોવીસ હજાર હતી. તેની સરખામણીમાં રોમન સેના એક લાખ વીસ હજાર સૈનિકોની બનેલી હતી. તેઓ આ રીતે ભારે પગલાં સાથે અમારી તરફ આગળ વધી રહ્યા હતા જેમ કે પહાડ હોય જેને ગુપ્ત હાથ હલાવી રહ્યા હોય. તેમના પાદરી અને વૃદ્ધ ધાર્મિક નેતાઓ પોતાના હાથોમાં ક્રોસ ઉઠાવીને તેમની આગળ આગળ ચાલી રહ્યા હતા. તેઓ ઊંચા અવાજથી પોતાની સેનાના વિજય અને સફળતાની દુઆઓ માંગી રહ્યા હતા અને તેમની પાછળ તેમની આખી સેના તેમના શબ્દોને આ રીતે ઊંચા અવાજથી દોહરાવી રહી હતી જાણે કે વીજળી ચમકી રહી હોય. જ્યારે મુસલમાનોએ તેમને આ હાલતમાં જોયા તો તેમની વધુ સંખ્યાને કારણે તેમના પર ભય છવાઈ ગયો અને તેમના દિલમાં તેમનો ડર પેસી ગયો."

તે સમયે હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ રદિ. જે સેનાપતિ હતા, ઊભા થયા અને તેમણે મુસલમાનોને જિહાદ, કતલ, જાંબાઝી અને જાન ન્યોચ્છાવર કરવા ઉશ્કેરતાં કહ્યુંઃ

"અલ્લાહના બંદાઓ! અલ્લાહની મદદ કરો, તે તમારી મદદ કરશે અને તમને અડગ રાખશે. અલ્લાહના બંદાઓ! અલ્લાહના માર્ગમાં અડગ રહો અને ધૈર્યથી કામ લો. ધૈર્ય, નિશ્ચિતપણે કુફ્રથી મુક્તિનું, અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું અને અપમાન અને લાંછનને દૂર કરવાનું સાધન છે. તમારા ભાલાને સીધા કરો, તમારી ઢાલોને આડ બનાવો અને જ્યાં સુધી હું તમને હુમલો કરવાનો ઇશારો ન કરું ત્યાં સુધી શાંત રહો અને દિલમાં અલ્લાહ તઆલાને યાદ કરતા રહો."

હઝરત સઈદ બિન ઝૈદ રદિ. પોતાનું કથન ચાલુ રાખતાં આગળ કહે છેઃ "તે જ સમયે મુસલમાનોની સફમાંથી એક વ્યક્તિ બહાર નીકળ્યો અને આગળ વધીને તેણે અબૂ ઉબૈદા રદિ.થી કહ્યુંઃ

"હું આ જ સમયે ખુદાના માર્ગમાં પોતાની જાન ન્યોછાવર કરવાનો નિર્ણય કરી ચૂક્યો છું તો શું આપ રસૂલે અકરમ ﷺની સેવામાં કોઈ સંદેશ મોકલવા માંગો છો?"

"હા," તેમણે કહ્યું: "તમે રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં મારી અને તમામ મુસલમાનો તરફથી સલામ પહોંચાડ્યા પછી અરજ કરી દેજો કે, 'હે અલ્લાહના રસૂલ! અમારા રબે અમારાથી જે વચનો લીધા હતા તે બધા એક પછી એક પૂરા થઈ ગયા.'

(અનુસંધાન 5મા પાને)

TWIST
મોહંમદ ઝાહિદ અન્સારી : ૯૮૨૫૦૨૮૪૧૮
મોહંમદ શાહિદ અન્સારી : ૯૮૯૮૦૨૮૪૧૮
ટ્વીસ્ટ એન્જીનીયરીંગ વર્કસ
પ્લાસ્ટીક એક્ષ્ટ્રુશન પ્લાન્ટ
મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
૪૪૧૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઇન્ડોજર્મન ટુલ રૂમ પાછળ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અહમદાબાદ. ફોન : ૦૭૯-૨૫૮૪૨૮૭૮
E-mail : twistew@gmail.com

સાપ્તાહિક શાહીન
www.shaheenweekly.com
shaheenweekly.info@gmail.com
@ShaheenViewsWeekly
લેખકના વિચારોથી ટ્રસ્ટ અથવા સંપાદક મંડળનું સહેમત હોવું જરૂરી નથી.
વાર્ષિક લવાજમ : રૂા.૩૦૦ - ત્રિ વાર્ષિક રૂા.૭૫૦
ઓફિસ સમય: ૧૧ થી ૬ • મો: ૬૩૫૬૧૬૨૭૬૮

૧૦૦% શુધ્ધ કલૌંજીનું તેલ

કોન્ટેક્ટ નંબર
અહમદઆબાદ: ૦૭૯-૨૬૬૫૦૭૪૧
સૂરત : ૯૭૨૬૧૫૫૫૪૪
બેંગ્લોર : ૯૫૯૧૩૭૩૮૯૪

# માલેગાંવ બોમ્બ વિસ્ફોટ કેસઃ સાત આરોપીઓ નિર્દોષ, પણ તપાસ પર ગંભીર પ્રશ્નો



મહારાષ્ટ્રના માલેગાંવમાં ૨૦૦૮ના બોમ્બ વિસ્ફોટ કેસમાં ભાજપના પૂર્વ સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુર, કર્નલ પ્રસાદ પુરોહિત સહિતના સાત આરોપીઓને તાજેતરમાં NIAની વિશેષ અદાલતે નિર્દોષ જાહેર કર્યા છે. જોકે, આ ચુકાદાએ તપાસની પારદર્શિતા અને ભારતીય ન્યાય પ્રણાલી પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. આ ચુકાદો આરોપીઓને 'ક્લીન ચિટ' આપવાને બદલે તપાસમાં રહેલી ખામીઓ અને પુરાવાઓના અભાવને કારણે આવ્યો છે, જેણે પીડિતોના પરિવારોમાં નિરાશા અને સવાલો ઊભા કર્યા છે.

૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ માલેગાંવના ભીખુ ચોક ખાતે થયેલા આ વિસ્ફોટમાં છ લોકોના મોત થયા હતા અને સોથી વધુ લોકો ઘાયલ થયા હતા. ૧૭ વર્ષ સુધી ચાલેલા કેસની તપાસ અને ટ્રાયલ બાદ, ૩૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ વિશેષ NIA કોર્ટે તમામ આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ જાહેર કર્યા.

અદાલતના વિગતવાર નિર્ણય અને મીડિયા અહેવાલો અનુસાર, કેસ સંબંધિત ઘણા મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો ગુમ થઈ ગયા હતા. મુખ્ય સાક્ષીઓનું નિવેદનથી ફરી જવું, અને ફરિયાદી પક્ષ દ્વારા વિશ્વસનીય પુરાવા રજૂ કરવામાં નિષ્ફળતા જેવા કારણોસર આરોપીઓને છોડવામાં આવ્યા છે.

અગ્રણી અખબારોના અહેવાલો મુજબ, કોર્ટે પોતાના અવલોકનમાં જણાવ્યું હતું કે કેસ સંબંધિત અનેક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો, જેમાં સાક્ષીઓના મૂળ નિવેદનો અને CrPC ૧૬૪ હેઠળ નોંધાયેલા નિવેદનોનો પણ સમાવેશ થાય છે, તે ગુમ થઈ ગયા હતા. મુંબઈ મિરરના અહેવાલ પ્રમાણે, ઓછામાં ઓછા ૧૩ સાક્ષીઓ અને બે આરોપીઓની કબૂલાત ૨૦૧૬ સુધીમાં કોર્ટના રેકોર્ડમાંથી ગાયબ થઈ ગઈ હતી.

આ ગુમ થયેલા દસ્તાવેજોમાં પ્રજ્ઞા ઠાકુર અને ફરાર આરોપી રામજી કાલસાંગરા વચ્ચેની બેઠકોની વિગતો પણ સામેલ હતી. કોર્ટ-ટુ-કોર્ટ ટ્રેકિંગ છતાં આ મૂળ દસ્તાવેજો ન મળતાં કોર્ટે ફોટો કોપીનો ઉપયોગ કરવાની મંજૂરી આપવી પડી હતી.

તપાસ દરમિયાન પુરાવાઓ સાથે છેડછાડ અને સાક્ષીઓના નિવેદનો બદલવાના આરોપો પણ સામે આવ્યા હતા. કેસની શરૂઆતમાં તપાસ મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્કવોડ (ATS) દ્વારા કરવામાં આવી હતી, પરંતુ ૨૦૧૬માં નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (NIA) દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં નોંધાયેલા નવા નિવેદનો અગાઉના નિવેદનોથી સંપૂર્ણપણે વિપરીત હતા, જેના કારણે આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા.

નિર્દોષ જાહેર થયા છતાં, કર્નલ પુરોહિતના 'અભિનવ ભારત' સંગઠન સાથેના સંબંધો ચર્ચાનો વિષય બન્યા છે. કોર્ટે પોતાના નિર્ણયમાં નોંધ્યું કે પુરોહિતે ગુપ્ત માહિતી એકત્રિત કરવા માટે આ સંસ્થામાં જોડાયા હોવાનો દાવો કર્યો હતો, પરંતુ તેઓ એ સાબિત કરી શક્યા નથી કે તેઓ એક લશ્કરી અધિકારી તરીકે માત્ર ઇન્ટેલિજન્સ એકત્ર કરવા માટે જોડાયા હતા. આ સંસ્થાના તાર માલેગાંવ વિસ્ફોટ સાથે જોડાયેલા હોવાથી, પુરોહિતની ભૂમિકા હજુ પણ વિવાદાસ્પદ રહે છે.

આ સમગ્ર ઘટનાક્રમ અને ગુમ થયેલા દસ્તાવેજોએ ભારતીય ન્યાય પ્રણાલી અને તપાસ એજન્સીઓની કાર્યશૈલી પર ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યો છે. આ કેસનો વાસ્તવિક ગુનેગાર કોણ હતો અને ૧૭ વર્ષ બાદ પણ પીડિતોના સ્વજનોને ન્યાય મળશે કે કેમ, તેવા સવાલો અનઉત્તરિત રહે છે.

આશા રાખીએ કે જે ઝડપથી કે તીવ્રપણે ૨૦૦૬ ના મુંબઈ લોકલ ટ્રેન બોમ્બ વિસ્ફોટ કેસમાં નિર્દોષ છોડી મૂકવામાં આવેલા ૧૨ નિર્દોષોના મુંબઈ હાઈકોર્ટના ચુકાદાને મહારાષ્ટ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે,એવી જ રીતે માલેગાંવ બ્લાસ્ટ કેસમાં NIA કોર્ટના ચુકાદાને પણ સુપ્રીમ કોર્ટમાં પડકારશે.જો મહારાષ્ટ્ર સરકાર આમ કરશે તો જ તે નિષ્પક્ષ, તટસ્થ અને ન્યાયી હોવાનો દાવો કરી શકશે.બીજુ આ કે આ કેસ અંગે મીડિયામાં જણાવ્યા અનુસાર કેસના કેટલાક દસ્તાવેજો ગુમ થયા હોવાનું અને કેટલાક દસ્તાવેજો સાથે ચેડાં થયા હોવાનું બહાર આવ્યું છે તે જોતાં તો મહારાષ્ટ્ર સરકારે આ ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં જવાનું વધુ જરૂરી બની જાય છે. સરકારી રેકોર્ડમાંથી દસ્તાવેજો ગુમ થાય તો એ ખૂબ જ ગંભીર બાબત કહેવાય, અને આના માટે જવાબદાર જે તે સંબંધિત સામે સખતમાં સખત કાર્યવાહી કરવી જોઈએ.નહિતર આ ચીલો વારંવાર બનતો રહેશે.

## મૌલાના આઝાદ નેશનલ ઉર્દૂ યુનિવર્સિટિ

### દૂરવર્તી અભ્યાસક્રમોમાં જુલાઈ, ૨૦૨૫-૨૬ના સત્ર માટે

### પ્રવેશ ચાલુ છે

મૌલાના આઝાદ નેશનલ ઉર્દૂ યુનિવર્સિટિ, મુંબઈના રિજિયોનલ ડાયરેક્ટર ડો. શેખ અબુલબર્કાત દ્વારા બહાર પાડવામાં આવેલ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે દૂરવર્તી પદ્ધતિમાં એમ. એ. ઉર્દૂ, અંગ્રેજી, ઈસ્લામિયાત- **Islamic Studies**-બી. એ;બી.કોમ; ડિપ્લોમા ઈન ટીચિંગ ઈંગલિશ (**Diploma in Teaching English**), ડિપ્લોમા જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન્સ(**Diploma Journalism and Mass Communications**),સર્ટિફિકેટ કોર્સ ઈન ઉર્દૂ પ્રોફિશિયન્સી (**Certificate Course in Urdu Proficiency**) અને સર્ટિફિકેટ કોર્સ ઈન ફંકશનલ ઈંગ્લિશ (**Certificate Course in Functional English**) અને **MBA** માં પ્રવેશ આપવાની પ્રક્રિયા ચાલુ છે.

આ અંગે ઈ પ્રોસ્પેક્ટસ (**E-Prospectus**) અને ઓનલાઈન અરજી ફોર્મ **mannu.edu.in/dde**ના પ્રવેશ પોર્ટલ **mannuadmissions.samarthedu. in** ઉપર ઉપલબ્ધ છે.

ઉક્ત અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટેના અરજીપત્રો, પ્રોસ્પેક્ટસ(માહિતીપત્ર) જુલાઈ, ૨૦૨૫-૨૬ માટે જણાવેલ નોંધણી ફી સાથે જમા કરાવવાના રહેશે . ડિગ્રી સર્ટિફિકેટની ચકાસણી કર્યા પછી કોર્સ ફીની ચુકવણી કરવાની રહેશે.ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ વધુ વિગતો માટે વિદ્યાર્થી માર્ગદર્શન યુનિટ, હેલ્પલાઈન નંબર :

**૦૪૦-૨૩૦૦૮૪૬૩ અને ૦૪૦-૨૩૧૨૦૬૦૦ એક્સ્ટેન્શન ૨૨૦૮ અને ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૪૨૫૨-૯૫૮ ઉપર સંપર્ક સાધી શકાય છે.**

સંપર્ક કરો: **સૈયદ અમીરૂલ હુસૈની, ઉન, સૂરત ● મો. ૯૮૨૪૧૧૭૭૪૩**

Irfan Memon
Riyaz Memon
98246 41965
We give the purity
GOLD, SILVER & DIAMOND
Latest Gold, Silver, Real Diamond Jewellery Showroom in the Heart of Juhapura

ALIF GOLD PALACE
9/10, Ground Floor, Classic Heights. Bs.Alif Silver & Diamond, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055
ALIF SILVER & DIAMOND

LADIES REAL DIAMOND RING & ORNAMENTS
₹ 6000/- Starting
6/7, Ground Floor, Classic Heights. Bs.Alif Gold Palace, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055


HMG
ઈલ્યાસ પિસુવાલા
M.: 09825020386
M.: 09925020386
હમદુભાઈ મોમીનભાઈ ગ્રાન્ડ સન્સ
લગ્ન તથા શુભ પ્રસંગે ફેન્સી થાળ, મેલેમાઇન બ્રાસ, કોકરી તથા ફેન્સી ડેકોરેટીવ વસ્તુ ભાડે આપનાર
હેડ ઓ: 39, શીતલ એસ્ટેટ, સરખેજ રેલ્વે ક્રોસીંગ પાસે, સરખેજ, અહમદાબાદ - 382210
બ્રાન્ચ ઓ: 86, વૃદાંવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અંજાના ફાર્મ, સુરત
નોંધ: વધુ જાણકારી માટે વેબસાઈટ જુઓ.
E-mail : info@ilyashamdubhai.com ● Website : www.ilyashamdubhai.com

Printed and Published : **ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN on behalf of ISLAMI SAHITYA PRAKASHAN** and printed at Unique Offset Nobatsinh Ruparam Estate, Near Punjab National Bank, Tavdipura, Dudheshwar, Ahmeabad-380 004 and published from B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society Corner, Jhuhapura, Ahmedabad -380 055 • **Editor -ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN.**